
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ જયન્તિ ... ... ( શા વેલચંદ ધનજી ) ... ... ૨૫૩
૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ( મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ ) ... ૨૫૫
૩ અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. ...( આત્મવલ્લભ ) ... ... ૨૫૮
૪ ભગવાન શ્રી પાર્શ્વનાથ. ... ...( ગાંધી ) ... ... ૨૬૨
૫ ભગવાન મહાવીર સંબંધી મુખ્ય થોડી બાબતો.
( મુનિશ્રી જયંતવિજયજી-શિવપુરી.) ... ૨૬૭
૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. ...( વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ )... ૨૭૧
૭ વર્તમાન સમાચાર, સભાની વર્ષગાંઠ, જયંતી વગેરે. ... ... ૨૭૫
૮ સ્વીકાર અને સમાલોચના, ... ... ... ... ... ૨૭૯


## " અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું. "

### નીચેના ગ્રંથો તૈયાર છે અને છપાય છે.

**સંસ્કૃત ગ્રંથો** ( થોડા વખતમાં પ્રગટ થશે. )

૧ બૃહતકલ્પ પીઠિકા. ૨ કર્મગ્રંથચાર દેવેન્દ્રસૂરિકૃત ટીકા સાથે.
૩ વિલાસવઇકહા. ( અપભ્રંશ ભાષામાં )

**ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.**

૧ સુકૃતસાગર—પેથડકુમાર ચરિત્ર ( ઇતિહાસિક ગ્રંથ ) ૧-૦-૦
૨ ધર્મપરિક્ષા—ધર્મ સ્વરૂપ કથાઓ સહિત.
૩ શ્રીપ્રભાવક ચરિત્ર—અનેક મહાન આચાર્યોશ્રીના ઇતિહાસિક દષ્ટિએ જીવન વૃત્તાંત.
૪ શ્રી મહાવીર ચરિત્ર—( પ્રાચીન ગ્રંથ ઉપરથી. )
૫ શ્રી સુરસુંદરી સતી ચરિત્ર—અતિ રસમય ચરિત્ર.

નં. ૧ તૈયાર છે. બાકીના છપાય છે.

નં. ૨ અને નં. ૪ માં આર્થિક સહાયની અપેક્ષા છે. સહાય આપનાર બંધુની ઇચ્છા પ્રમાણે સદ્વ્યય કરવામાં આવશે. આ સભા તરફથી પ્રગટ થતાં દરેક ગ્રંથના કાગળો, ટાઇપો, બાઇન્ડીંગ એ તમામ ઉંચા પ્રકારના થતાં હોવાથી દરેક ગ્રંથોની સુંદરતા માટે લાઇફ મેમ્બરો અને વીઝીટરો વગેરે બંધુઓએ સંતોષ બતાવેલ છે.

**નવા થયેલા માનવંતા સભાસદો.**

| | | |
|---|---|---|
| ૧ શેઠ ઝવેરચંદ નેમચંદભાઇ પિતાંબરદાસ મોયાગામ | પે૦ વર્ગ | લાઇફ મેમ્બર |
| ૨ શેઠ નાગરદાસ વલ્લભજી કલકત્તા | બી૦ વર્ગ | ,, |
| ૩ શેઠ ચંદુલાલ સૂરજમલ વોરા ભાવનગર | ,, | ,, |
| ૪ સંઘવી અમરચંદ ધનજીભાઈ | ,, | ,, |
| ૫ શેઠ હીરાલાલ ગાંડાલાલ | ,, | ,, |
| ૬ પરીખ મણીલાલ કેશવલાલ મુંબઇ | ,, | ,, |

ભાવનગર ધી " આનંદ " પ્રીન્ટીંગ પ્રેસમાં—શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भाविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा-सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४५७. ज्येष्ठ. आतम सं. ३६. { अंक ११ मो.

શ્રી.

॥ સદ્ગુરૂ ચરણાય નમઃ ॥

## જયન્તિ.

( ૩૫ )

દોહરો.

આત્મતણા આરામની, આજ જયન્તિ જાન;
આત્મ ધર્મ અવગાહવા, સંત ! સંગ પહિચાન.

( છાયા—ત્રોટક. )

સ્મરીએ-સ્તવીએ-નમીએ હરપે, (૨)
ગુરૂદેવ વિશિષ્ઠ જયન્તિ મિષે. સ્મ૦
નિજ નામ તથા વિધ ગુણ સુધા,
અભિધાન જ આતમરામ બુધા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરીએ દૃગ એ યુગમાં અધુના,
સહુ ત્યાગી મુનિજન **એકમના.** સ્મ૦

ગુરૂરાય શ્રી આતમરામ તથા,
" મુનિમંડળ માત્રની એક પ્રથા; "
યયરિક્ત યથાવિધ કર્મ કરે,
વર જ્ઞાન ગરિષ્ઠ અનિષ્ઠ હરે. સ્મ૦

**સૂરિ** સત્ય અનુભવ મેળવવા,
પરમાર્થ પણે **પદ** કેળવવા;
પ્રભુતા લઘુતા પર લક્ષ નહીં,
દૃઢ સમ્યક વર્તન વિશ્વ મહી. સ્મ૦

બહિરાતમ ભાવ સવિ તજતા,
સહુ અન્તર આતમને ભજતા;
પરમાતમ આતમ યોગ વિષે,
તદ યોગ્ય ક્રિયા કરતા હરષે. સ્મ૦

" વચનામૃત કોમલ વીર તણાં, "
રસ દ્રાવક રમ્ય રસાલ ઘણાં;
ગ્રહવા ઉપદેશ હમેશ કરે,
નય—ભંગ—પ્રમેય—પ્રમાણ ધરે. સ્મ૦

કરૂણા જગ પ્રાણી સમસ્ત પરે,
નહીં યોગ્ય અયોગ્ય વિભેદ કરે;
હરતા જગથી જન તપ્ત તણા,
દુઃખ શબ્દ સુધા વરસાવી ઘણાં. સ્મ૦

મતભેદ ન કાર્ય કદિ કરશે !
શિવ સાધન ભેદ રહિત હશે ! !
શમ-શીલ અને સરલાત્મપણું,
પ્રકટે રસ સાધ્ય **જયન્તિ** તણું. સ્મ૦

આત્માબ્દ ૩૬.
જેષ્ટ શુકલ ૮.
મુંબઈ ૩.

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૨૩૪ થી શરૂ )

૨૦ જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે એ પ્રમાણે કહ્યું ત્યારે **તે શ્રમણ નિર્ગ્રન્થો** શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે નમે છે. વંદન-નમસ્કાર કરી જ્યાં ગોશાલક મંખલિપુત્ર છે ત્યાં આવી મંખલિપુત્ર ગોશાલકને ધર્મસંબન્ધી તેના મતથી પ્રતિકૂલ વચનો કહે છે, ધર્મસંબન્ધી પ્રતિચોદના કરી ધાર્મિક પ્રતિસારણા તેના મતને પ્રતિકૂલપણે અર્થનું સ્મરણ કરાવે છે, ધર્મસંબન્ધી પ્રતિસારણા કરી ધર્મસંબન્ધી વચનના પ્રત્યુપચારવડે પ્રત્યુપચાર કરે છે, અને અર્થ પ્રયોજન હેતુ અને કારણવડે યાવત તેને નિરૂત્તર કરે છે.

૨૧ ત્યારબાદ શ્રમણ નિર્ગ્રન્થોએ ધાર્મિક તેના મતથી પ્રતિકૂલ પ્રશ્નો કરી અને યાવત તેને-નિરૂત્તર કર્યો, એટલે મંખલિપુત્ર ગોશાલક અત્યન્ત ગુસ્સે થયો અને યાવત ક્રોધથી અત્યંત પ્રજ્વલિત થયો. પરન્તુ શ્રમણનિર્ગ્રન્થોના શરીરને કંઇ પણ પીડા કે ઉપદ્રવ કરવાને તથા તેના કોઇ અવયવનો છેદ કરવાને **સમર્થ** ન થયો. ત્યારપછી **આજીવિક સ્થવિરો** શ્રમણનિર્ગ્રન્થોવડે ધર્મસંબન્ધી તેના મતથી પ્રતિકૂલપણે કહેવાયેલા ધર્મસંબન્ધી પ્રતિસારણા તેના મતથી પ્રતિકૂલપણે સ્મરણ કરાવાયેલા અને ધર્મસંબન્ધી પ્રત્યુપચારવડે પ્રત્યુપચાર કરાયેલા તથા અર્થ અને હેતુથી યાવત નિરૂત્તર કરાયેલા અત્યન્ત ગુસ્સે કરાયેલા યાવત્ ક્રોધથી બળતા શ્રમણ અને નિર્ગ્રન્થના શરીરને કંઇપણ પીડા ઉપદ્રવ કે અવયવોનો છેદ નહિ કરતા એવા મંખલિપુત્ર ગોશાલકને જોઇને તેની પાસેથી પોતે નીકળ્યા અને ત્યાંથી નીકળી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવ્યા. ત્યાં આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી, વાંદી અને નમીને શ્રમણ ભગવંત **મહાવીરનો આશ્રય કરી** વિહરવા લાગ્યા, અને કેટલાએક આજીવિક **સ્થવિરો** મંખલિપુત્ર **ગોશાલકનો જ** આશ્રય કરી વિહરવા લાગ્યા.

૨૨ ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલક જેને માટે શીઘ્ર આવ્યો હતો તે કાર્યને નહિ સાધતો દિશાઓ તરફ **લાંબી દૃષ્ટિથી જોતો** દીર્ઘ અને ઉષ્ણ **નિસાસા નાંખતો** દાઢીના **વાળને ખેંચતો** અવટુ ડોકની પાછળના ભાગને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અજવાળતો** પુત પ્રદેશને **પ્રસ્ફોટિત** કરતો હસ્તને હલાવતો અને બન્ને પગવડે ભૂમિને કૂટતો " હા હા અરે હું હણાયો છું " એમ વિચારી શ્રમણ-ભગવંત મહાવીરની પાસેથી અને કોષ્ટક ચૈત્યથી નીકળી જ્યાં શ્રાવસ્તીનગરી છે અને જ્યાં હાલાહલા નામે કુંભારણનું કુંભકારા પણ-હાટ છે ત્યાં આવ્યો. ત્યાં આવીને હાલાહલા કુંભારણના કુંભકારાપણમાં જેના હાથમાં આમ્રફલ રહેલું છે એવો મદ્યપાન કરતો, વારંવાર ગાતો, વારંવાર નાચતો, વારંવાર હાલાહલા કુંભારણને અંજલિ કરતો અને માટીના ભાજનમાં રહેલા શીતલ માટીના પાણીવડે ગાત્રને સીંચતો વિહરે છે.

૨૩ હે આર્યો ! એમ કહીને શ્રમણ ભગવાન્ મહાવીરે શ્રમણનિર્ગ્રન્થોને આમંત્રીને એ પ્રમાણે કહ્યું કે હે આર્યો ! મંખલિપુત્ર ગોશાલકે મારો વધ કરવા માટે શરીર થકી **તેજોલેશ્યા** કાઢી હતી તે આ પ્રમાણે ૧ અંગ, ૨ બંગ, ૩ મગધ ૪ મલય ૫ માલવ ૬ અચ્છ ૭ વત્સ ૮ કૌત્સ ૯ પાટ ૧૦ લાટ ૧૧ વજ્ર ૧૨ મૌલી ૧૩ કાશી ૧૪ કોશલ ૧૫ અબાધ અને ૧૬ સંભુકતર એ સોળ દેશનો ઘાત કરવા માટે, વધ કરવા માટે, ઉચ્છેદન કરવા માટે, ભસ્મ કરવા માટે, સમર્થ હતી. વળી હે આર્યો ! મંખલિપુત્ર ગોશાલક હાલાહલા કુંભારણના કુંભકારાપણમાં આમ્રફલ હાથમાં ગ્રહણ કરી મદ્યપાન કરતો વાર-વાર યાવત્ અંજલિકર્મ કરતો વિહરે છે. તે અવદ્ય દોષને પ્રચ્છાદન ઢાંકવા માટે આ આઠ ચરમ છેલ્લી વસ્તુ કહે છે. તે આ પ્રમાણે-૧ ચરમપાન ૨ ચરમગાન ૩ ચરમનાટય ૪ ચરમ અંજલિકર્મ ૫ ચરમ પુષ્કલસંવર્ત મહામેઘ ૬ ચરમ સેચનક ગન્ધહસ્તી ૭ **ચરમ મહાશિલા કંટક** સંગ્રામ*[૨] અને ૮ હું આ અવસર્પિણીમાં ચોવીસ તીર્થંકરોમાં ચરમ તીર્થંકરપણે સિદ્ધ થઇશ અને યાવત સર્વદુઃખોનો અન્ત કરીશ. વળી હે આર્યો મંખલિપુત્ર ગોશાલક માટીના પાત્રમાં રહેલા માટી મિશ્રિત શીત પાણીવડે શરીરને સીંચતો વિચરે છે તે અવધને પણ ઢાંકવાને માટે આ ચાર પ્રકારના પાનક-પીણાં અને ચાર નહિ પીવા યોગ્ય ( શીતલ અને દાહોપશમક ) અપાનક જણાવે છે.

૨૪ ( પ્ર૦ ) પાણી કેટલા પ્રકારે કહ્યું છે ? ( ઉ૦ ) પાણી ચાર પ્રકારે કહ્યું છે. તે આ પ્રમાણે ૧ ગાયના પૃષ્ટથી પડેલું, ૨ હાથથી મસળેલું, ૩ સૂર્યના તાપથી તપેલું અને ૪ શિલાથી પડેલું એ પ્રમાણે પાણી કહ્યું છે.

૨૫ ( પ્ર૦ ) અપાનક કેટલા પ્રકારે છે ? ( ઉ૦ ) અપાનક ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે. ૧ સ્થાલનું પાણી, ૨ વૃક્ષાદિની છાલનું પાણી, ૩ શીંગોનું પાણી અને ૪ શુદ્ધપાણી ( દેવહસ્તના સ્પર્શનું પાણી ).

*૨ મહારાજા ચેટક અને કોણિકના યુદ્ધ પછી આ ઉપસર્ગ પ્રસંગ બનેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૬ ( પ્ર૦ ) સ્થાલ પાણી કેવા પ્રકારે કહ્યું છે ? ( ઉ૦ ) જે ઉદકથી ભીંજાયેલો સ્થાલ, પાણીથી ભીનો વારક–કરવડો, પાણીથી ભીનો મોટો ઘટ, પાણીથી ભીનો ન્હાનો ઘટ, અથવા પાણીથી ભીના માટીના વાસણ તેનો હાથથી સ્પર્શ કરે પણ પાણી ન પીએ તે સ્થાલ પાણી. એ પ્રમાણે સ્થાલ પાણી કહ્યું છે.

૨૭ ( પ્ર૦ ) ત્વચા પાણી કેવા પ્રકારનું છે ? ( ઉ૦ ) જે આંબો અંબાડગ ઇત્યાદિ પ્રયોગપદમાં કહ્યા પ્રમાણે યાવત્ બોર તિંદુરૂક સુધી જાણવા, તે તરૂણ અપકવ અને આમ કાચા હોય તેને મુખમાં નાંખી થોડુ ચાવે વિશેષ ચાવે પણ પાણી ન પીએ તે ત્વચાપાણી. એ પ્રમાણે ત્વચાપાણી કહ્યું.

૨૮ ( પ્ર૦ ) શીંગોનું પાણી કેવા પ્રકારનું છે ? ( ઉ૦ ) જે કલાય સિંબલી વટાણાની સીંગ, મગશીંગ, અડદની શીગ, કે શીંબલીની શીંગ વગેરે તરૂણ અપકવ અને આમ કાચી હોય તેને મુખમાં થોડું ચાવે કે વિશેષ ચાવે પણ તેનું પાણી ન પીએ તે શીંગોનું પાણી કહેવાય. એ પ્રમાણે શીંગોનું પાણી કહ્યું.

૨૯ ( પ્ર૦ ) શુદ્ધ પાણી કેવા પ્રકારનું છે ? ( ઉ૦ ) જે છમાસ સુધી શુદ્ધ ખાદિમ આહારને ખાય, તેમાં બે માસ સુધી પૃથિવીરૂપ સંસ્તારકને વિષે રહે, બે માસ સુધી લાકડાના સંસ્તારકને વિષે રહે અને બે માસ સુધી દર્ભના સંસ્તારકને વિષે રહે તેને બરોબર પુર્ણ થયેલા છમાસની છેલ્લી રાત્રીએ મહર્દ્ધિક અને યાવત્ મહાસુખવાળા બે દેવો તેની પાસે પ્રગટ થાય, તે આ પ્રમાણે **પૂર્ણભદ્ર** અને **માણિભદ્ર**. ત્યારપછી તે દેવો શીતલ અને આર્દ્ર હસ્તવડે શરીરના અવયવોને સ્પર્શ કરે. હવે જે દેવોને અનુમોદે એટલે તેના આ કાર્યને સારૂં જાણે તે **આશીવિષ**પણે કર્મ કરે, જે તે દેવોને ન અનુમોદે તેના પોતાના શરીરમાં **અગ્નિ**કાય ઉત્પન્ન થાય અને તે પોતાના તેજવડે શરીરને બાળે અને ત્યારપછી તે **સિદ્ધ** થાય યાવત્ સર્વ દુઃખોનો અન્ત કરે. તે શુદ્ધપાનક કહેવાય. એ પ્રમાણે શુદ્ધપાનક કહ્યું.

ચાલુ—

---

" આવતા માસ ( અશાડ ) નો અંક ધોરણ મુજબ બીજા અશાડ માસમાં પ્રકટ થશે. "

( માસિક કમીટી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મ જ્ઞાનનિરૂપણ પ્રશ્નોત્તર.

( ગતાંક પૃષ્ઠ ૨૪૪ થી શરૂ. )

## નવમો અધિકાર.

**પ્રશ્ન–બ્રહ્મ એટલે શું ?**

**ઉત્તર**–બ્રહ્મ તેજ છે જેને સિદ્ધ કહેવામાં આવે છે. શુદ્ધ ચિત્તવાળા મુનિયોને જે ધ્યાન કરવા યોગ્ય છે અને મુક્તિગૃહપ્રતિ જવાની ઇચ્છાવાળા યોગિયો જેને ભવસમુદ્રમાં* પ્રવહણ સમાન ગણે છે.

**પ્રશ્ન**–જો આ સૃષ્ટિ બ્રહ્મમાંથી ઉત્પન્ન થઈ નથી તો તે ક્યાંથી ઉત્પન્ન થઇ અને ક્યાં પ્રલય થશે ?

**ઉત્તર**–ત્રિકાળજ્ઞાની વીતરાગ યોગિયોએ કથન કર્યું છે કે કાળ, સ્વભાવ નિયતિ, કર્મ અને ઉદ્યમ ( વીર્ય ) એ સમવાયપંચક ( પાંચના મેલાપ ) થી સૃષ્ટિ અને સંહાર થાય છે.

**પ્રશ્ન**–પુરાતન તત્વવિદ્ ( તત્વના જાણકાર ) મહાત્માઓ વદે છે કે બ્રહ્મમાં બ્રહ્મ લીન થાય છે અને જ્યોતિમાં જ્યોતિ મળી જાય છે, એ પ્રવાદ (કથન) બ્રહ્મ વિના કેમ ઘટે ?

**ઉત્તર**–વિજ્ઞો જ્ઞાનને બ્રહ્મ અથવા જ્યોતિ કહે છે. એક સિદ્ધનું બ્રહ્મ [ જ્ઞાન અથવા જ્યોતિ ] સર્વ દિશાઓમાં જે અનંત ક્ષેત્રને આશ્રિ રહ્યું છે તેજ ક્ષેત્રને આશ્રિ બીજા સિદ્ધનું ત્રીજા સિદ્ધનું યાવત્ અનંત સિદ્ધોનું પણ બ્રહ્મ રહેલું છે અને તેથી એવું કહેવાય છે કે બ્રહ્મમાં બ્રહ્મ લીન થાય છે અને જ્યોતિમાં જ્યોતિ મળી જાય છે.

**પ્રશ્ન**–જો એમ હોય તો ક્ષેત્રનું સાંકર્ય [ સંકડાશ ] કેમ ન થાય તથા પરસ્પર આલિંગિત [ મિલિત ] બ્રહ્મને સંકીર્ણતા કેમ ન થાય ?

**ઉત્તર**–જેમ કોઇ વિદ્વાનના હૃદયમાં ઘણા શાસ્ત્રાક્ષરોનો સંગ્રહ છતાં તેની છાતી સંકીર્ણ ( સાંકડી ) થતી નથી તથા અક્ષરોને પરિપિણ્ડતા થતી નથી તેમ

* જેમ પ્રવહણ ( વહાણ ) ની મદદથી સમુદ્રના કિનારે પહોંચી શકાય પણ ઘેર પહોંચવા માટે ઝાઝ છોડી ચાલવું વિગેરે સ્વાવલંબન કરવું પડે, તેમ સિદ્ધના ધ્યાનથી સંસારનો પાર પામી શકાય પણ મુક્તિમાં પહોંચવા માટે સિદ્ધનું ધ્યાન છોડી સમભાવ-લક્ષણ આત્મધ્યાન કરવું પડે:–પર્યાયકાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મપરંપરાશ્રિત બ્રહ્મ ( ચિદ )વડે સર્વતઃ આશ્લિષ્ટ [ વ્યાપેલું ] ક્ષેત્ર [ દિવ્] સંકીર્ણ થતું નથી અને બ્રહ્મને સાંકર્ય થતું નથી. એજ પ્રમાણે સિદ્ધોથી પરિપૂરિત સિદ્ધક્ષેત્ર સંકીર્ણ થતું નથી અને સિદ્ધ પરંપરાશ્રિત સિદ્ધો સાંકર્યબાધા રહિત જયવંતા વર્તે છે.

## દસમો અધિકાર.

**પ્રશ્ન**—* નિગોદના જીવો અનંત કાળ સુધી નિગોદમાં જ રહે છે. નારક જીવોને પડતાં દુઃખ કરતાં અનંતગણું દુઃખ તે અનુભવે છે અને સ્વલ્પ વખતમાં અનેક વાર જન્મ મરણ કરે છે. એમને ×મન પણ હોતું નથી. જે જીવો વ્યવહાર રાશિમાં આવે છે તે ક્રમે કરીને વિશિષ્ટ [ વિશુદ્ધ ] હોય છે. વ્યવહાર રાશિમાંથી જે જીવો પાછા જાય છે તે ફરીને નિગોદ જેવા થાય છે. આ કેવી રીતે થાય છે ?

**ઉત્તર**—નિગોદના જીવો તેમના જાતિ સ્વભાવથી અને મહાર્તિદાયક [ મહા દુઃખ દેનાર ] ઉત્તરકાળની તાદૃશ પ્રેરણાથી સદૈવ દુઃખ પામે છે. અત્ર દ્રષ્ટાંત. લવણ સમુદ્રનું પાણી સદાકાળ ખારૂં હોય છે, અનંત કાળે પણ પ્રાયઃ પીવા યોગ્ય થતું નથી તેમ વર્ણાંતર પણ પામતું નથી, એમ થતાં થતાં લવણ સમુદ્રને અનંતાનંત કાળ થઇ ગયો. તથાપિ જેમ લવણ સમુદ્રનું પાણી મેઘનું મુખ પ્રાપ્ત થયે ગંગાદિ મહા નદીમાં આવવાથી પીવા યોગ્ય થાય છે, તેમ નિગોદમાંથી નીકળીને વ્યવહાર રાશિમાં આવેલા જીવો સુખી થાય છે. જેમ ગંગાદિ મહા નદીનું પાણી લવણ સમુદ્રમાં પાછું જવાથી સમુદ્ર જળના રૂપ અને રસ યુક્ત—ખારૂં થાય છે તેમ વ્યવહાર રાશિમાંથી નિગોદમાં પાછા ગયેલા જીવો નિગોદ જેવા દુઃખી થાય છે. બીજું દૃષ્ટાંત. દુર્માન્ત્રિક—[ ભુવા ] ના હૃદયમાં દુર્મન્ત્ર ( ખરાબ મંત્ર ) ના જે વર્ણો હોય છે તે ઉચ્ચાટન કહેવાય છે. દુર્માન્ત્રિકના હૃદય જેવું નિગોદનું સ્થાન છે. દુર્મન્ત્રના વર્ણો જેવા નિગોદના જીવો છે. સન્મન્ત્રના વર્ણો જેવા વ્યવહાર રાશિના જીવો છે. જેમ દુર્મન્ત્રમાંના વર્ણોમાંથી જે વર્ણો સન્મન્ત્ર [ સારાં મંત્ર ] માં આવે તે શુભ કહેવાય છે, તેમ નિગોદના જીવોમાંથી જે વ્યવહાર રાશિમાં આવે છે તે વિશિષ્ટ થાય છે. જેમ સન્મન્ત્રમાંના જે વર્ણો પાછા દુર્મન્ત્રમાં વપરાય તે ઉચ્ચાટન દોષથી દૂષિત થાય, તેમ વ્યવહાર રાશિમાંથી નિગોદમાં પાછા આવેલા જીવો નિગોદ જેવા થાય છે. પંડિતોએ સ્વબુદ્ધિથી એવાં નાનાં મોટાં દૃષ્ટાંતો યોજી લેવાં.

* નિગોદના જીવો બે પ્રકારની રાશિયોમાં છે. અવ્યવહાર અને વ્યવહાર. તેમાં નિગોદ સંજ્ઞાથી સામાન્યતઃ અવ્યવહાર રાશિનું ગ્રહણ થાય છે.

× સર્વ એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રિન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોને મન હોતું નથી. પંચેન્દ્રિય જીવોમાં જે સંજ્ઞી છે તેમને મન હોય છે, અસંજ્ઞીને મન હોતું નથી.—જૈન સિદ્ધાંત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—નિગોદના જીવો સમસ્ત લોકમાં વ્યાપીને રહેલા છે તે ઘનીભૂત [ ગોળા જેવા ] થતાં દષ્ટિપથ [ જોવા ] માં કેમ આવતા નથી ?

**ઉત્તર**—નિગોદના જીવો અતિસૂક્ષ્મ નામકર્મના ઉદયથી એક શરીર આશ્રિ અનંત રહેલા છે તથાપિ ચર્મચક્ષુથી દેખાતા નથી. જેમ ગંધા ( વજ ), કલેવર અને હિંગ વગેરેની બહુ પ્રકારની ગંધ પરસ્પર મળીને રહ્યાથી અન્ય વસ્તુને અથવા આકાશને સંકીર્ણતા થતી નથી, તેમ નિગોદ જીવોના પરસ્પર આશ્લેષ ( મળવા ) થી તેમને પોતાને સદાકાળ અતિ બાધા રહે છે પણ અન્ય વસ્તુને તથા આકાશને સંકીર્ણતા થતી નથી. જેમ ગંધાદિક વસ્તુની સત્તા નાકથી સમજાય છે પણ આંખથી જોઇ શકાતી જ નથી તેમ નિગોદના જીવો શ્રીજિન-વચનથી મનવડે જાણી ( માની ) શકાય પણ જોઇ શકાય નહિ. કેવલજ્ઞાની તેમને જોઇ શકે. જેમ સર્વત્ર ઉડતી અતિ સૂક્ષ્મ રજ આંખે દેખાતી નથી અને રાશીભૂત થતી પણ જણાતી નથી; પરન્તુ આચ્છાદિત ( પાથરેલા ) વસ્ત્ર-પ્રદેશના છિદ્રમાં પડેલાં સૂર્યકિરણોનાં પ્રતિબિંબોમાં ઉડતી ત્રસરેણુ દેખાય છે, તેમ નિગોદના જીવો દિવ્ય દૃષ્ટિથી દેખી શકાય છે.

**પ્રશ્ન**—નિગોદાદિ જીવ આહાર કરે છે છતાં તે કયા ગુણને લીધે ગુરૂતા પામતા નથી ?

**ઉત્તર**—જેમ પારો વિવિધ ધાતુઓને ખાતા છતાં ગરિષ્ઠતા [ ભારેપણાને ] પામતો નથી, ચંપાના પુલથી વાસિત અથવા કૃષ્ણાગરૂ ધૂપથી ધૂપિત વસ્ત્ર મૂલ-ભારથી ગુરૂતા પામતું નથી, એક તોલો સિદ્ધ કરેલો પારો સો તોલા સોનું પચાવી જાય તોપણ તેનું તોલ વધતું નથી અને +પખાલની અંદર પવન ભરવામાં આવે તેમ છતાં તેનું વજન વધતું નથી, તેમ જીવ પણ આહાર કરતા છતાં ગુરૂતામાં વધતો નથી.

**પ્રશ્ન**—નિગોદના જીવો કયા કર્મથી અનંતકાળ સુધી અતિ દુખિત હોય છે?

**ઉત્તર**—આ સંબંધી સંપૂર્ણ વિચાર જણાવવાને કેવલી સિવાય કોઇ સમર્થ નથી. તોપણ તેનો આશય સમજાવવા સારૂ કિંચિત્ કર્મપ્રકાર કહેવામાં આવે છે. નિગોદના જીવો સ્થૂલ આશ્રવ સેવવાને સમર્થ નથી પરન્તુ તે એક એકને વિંધીને એક એક શરીર આશ્રિ અનંત રહેલા છે; પૃથક્ પૃથક્ દેહરૂપી ગૃહથી રહિત છે, પરસ્પર દ્વેષના કારણ-ભૂત તૈજસ કાર્મણ શરીરમાં સંસ્થિત છે અને અત્યંત સંકીર્ણ નિવાસ મળવાથી અન્યોન્ય વિંધીને નિકાચિત વૈર બાંધે છે, જે પ્રત્યેકને અનંત જીવો સાથે ઉગ્રપણે બંધાય છે, હવે જ્યારે એક જીવે એક જીવ સાથે

+ Air Pump થી તદ્દન હવા રહિત કરેલી–Vacuum યુક્ત વસ્તુ જેવી નહિ પણ સાધારણ રીતે ખાલી કહેવાતી અને પછીથી પવન ભરેલી પખાલ સમજવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધેલું વૈર અજેય ( છુટે નહિ તેવું ) છે. ત્યારે એક જીવે અનંત જીવો સાથે બાંધેલું વૈર અનંત કાલે કેમ ન ભોગવાય ? વળી તે વૈર વર્ધમાન થતાં તેથી પણ અનંત કાળ સુધી કેમ ન પહોંચે ? અર્થાત્ નિગોદ જીવોનું વૈર દુષ્કર્મ અને તે ભોગવવાનો કાળ અનંત છે. *ગુપ્તગૃહ-( કેદખાના ) માં પૂરાયલા કેદીઓ જેમ પરસ્પર સંમર્દન ( દબાણ ) થી પીડાયા છતાં આમાંથી કોઇ મરે અથવા જાય તો હું સુખે બેસું ને ભક્ષ્ય પણ પ્રમાણમાં કંઇક વધારે મળે, એવી દુષ્ટ ભાવનાથી એક એક પ્રતિ નિકાચિત અત્યંત વૈર પૂર્વક કર્મ બાંધે છે જે વર્ધમાન થતાં તેમને અતિ દુષ્કૃત લાગે છે. તેમ નિગોદ જીવોના કર્મબંધ વિષે પણ સમજવું. જુઓ ! અતિ સાંકડા પાંજરામાં પૂરાયલાં પક્ષીઓ અને જાળ વગેરેમાં સપડાયલાં માછલાં પરસ્પર વિબાધા ( પીડા-દુઃખ ) થી દ્વેષયુક્ત થયા છતાં અતિ દુઃખી થાય છે. બુધો કહે છે કે, ચોરને મરાતો અથવા સતીને અગ્નિમાં પ્રવેશ થતી કુતૂહલથી જોનારા દ્વેષવિના પણ સામુદાયિક કર્મ બાંધે છે, જે નિયત ( ખરેખર ) અનેક પ્રકારે ભોગવવું પડે છે. એ પ્રમાણે કૌતુકથી બંધાયલાં કર્મોનો વિપાક અતિ દુઃખદાયી થાય છે તો પછી નિગોદ જીવોએ પરસ્પર બાધાજન્ય વિરોધથી અનંત જીવો સાથે બાંધેલાં કર્મોનો ભોગ ( પરિપાક ) અનંત કાળ વીત્યા છતાં પણ પૂરો ન થાય તેમાં શું આશ્ચર્ય છે ?

**પ્રશ્ન**-નિગોદ જીવોને મન નથી તેમ છતાં તે તંદુલ મત્સ્યની પેઠે, જેનો પરિપાક અનંત કાળસુધી પહોંચે એવાં કર્મ શાથી બાંધે છે ?

**ઉત્તર**-નિગોદ જીવોને મન નથી તોપણ અન્યોન્ય વિબાધાથી તેમને દુષ્કર્મ તો ઉત્પન્ન થાય જ. વિષ જાણતાં ખાધું હોય અથવા અજાણતાં ખાધું હોય તોપણ તે મારે જ. જાણવામાં હોય તો પોતે અથવા બીજા ઉપાય કરે તેથી કદાચિત્ બચી જાય; પરંતુ અજાણપણે તો મારી જ નાખે. તેવીજ રીતે મન વિના ઉત્પન્ન થયેલું પરસ્પર વૈર અનંત કાળે પણ ભોગવતાં પુરૂં થાય નહિ. નિગોદના જીવોને મન નથી પણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને કાયયોગ જે કર્મયોગનાં બીજ છે તે હોય છે.

## અગીયારમો અધિકાર.

**પ્રશ્ન**-સર્વ વિશ્વ નિગોદના જીવોથી પરિપૂર્ણ છે તેમાં કર્મો, અન્ય પુદ્ગલરાશિયો અને ધર્માસ્તિકાયાદિ કેવી રીતે સમાય છે ?

**ઉત્તર**-જેવી રીતે ગાંધીની દુકાનમાં કપૂરનો ગંધ પસરેલો હોય છે તેમાં કસ્તૂરી તથા જાયફલાદિ વસ્તુનો ગંધ, પુષ્પાદિનો ગંધ, સૂર્યનો તડકો, ધૂપનો ધૂમ, વાયુ, શબ્દ, ત્રસરેણુ ( જાળીમાંથી આવતા સૂર્ય કિરણમાં દેખાતા રજકણો )

* ગ્રંથકર્તાના સમયના કેદખાનાને ઉદ્દેશી આ દૃષ્ટાંત છે તે ધ્યાનમાં રાખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન શ્રીપાર્શ્વનાથજી.

ઘણાખરા જૈનેતર સંશોધકોને મતે પણ શ્રી **પાર્શ્વનાથ** ભગવાન ઐતિહાસિક પુરૂષ છે.

શ્રી **નેમિનાથ** પ્રભુના નિર્વાણ પછી ૮૩૭૫૦ મેં વર્ષે શ્રીપાર્શ્વનાથ પ્રભુ નિર્વાણ પામ્યા છે.

આજથી પ્રાયઃ ૨૮૦૦ વર્ષ પૂર્વે ઇતિહાસ પ્રસિદ્ધ પવિત્ર મનાતી **બનારસી** નગરીમાં આ દિવ્ય પુરૂષનો ઇક્ષ્વાકુવંશીય **અશ્વસેન** રાજાની **વામા** રાણીના ગર્ભથી પોશદશમી ( માગશર વદી ૧૦ ) રોજ ( ભગવાન **પાર્શ્વનાથ** સ્વામીનો ) જન્મ થયો હતો.

યુવાવસ્થા પ્રાપ્ત થયા પછી કુશસ્થલાધિપતિ રાજા **પ્રસેનજિત**ની કન્યા **પ્રભાવતી**ની સાથે વિવાહ થયો હતો. ત્રીશવર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહી સર્વ પરિગ્રહનો ત્યાગ કરી ચારિત્ર લઇ ઘોર તપસ્યા કરવા લાગ્યા. કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં સુધીના દરમ્યાનના ર્યાસી દિવસ દેવ અને મનુષ્યો આદિના અનેક ઉપસર્ગ ઉપસ્થિત થતાં ધ્યાન અને તપમાંથી ચલિત ન થયા. છેવટે લોકાલોક કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થયું. પછી સીતેર વર્ષ સુધી ઉપદેશદ્વારા ધર્મપ્રચાર ખૂબ કર્યો, અનેક ભવિજીવોને તાર્યા, સો વર્ષનું આયુષ્ય ભોગવી શ્રાવણ શુદ ૮ના રોજ સમેતશિખર પર્વત ઉપર મોક્ષ પ્રાપ્ત કર્યું.

**પાર્શ્વનાથ** ભગવાનને **શુભદત્ત, આર્યઘોષ, વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીરભદ્ર** અને **યશસ** એ આઠ પટ્ટ શિષ્યો હતા. **શુભદત્ત**

---

વગેરે સમાય છે; જેવી રીતે વિચક્ષણ પુરૂષના હૃદયમાં શાસ્ત્રપુરાણવિદ્યા હોય છે તેમ છતાં વેદ, સ્મૃતિ, વ્યાકરણ, કોષ, જ્યોતિષ્, વૈદ્યક, આશિપૂ, રાગ, મંત્ર, આમ્નાય ( પરંપરાગત વિધાન ), ધ્યાન, મંત્ર, તંત્ર, કલા, વાર્ત્તાવિનોદ, સ્ત્રીવિલાપ, દાન, શીલ, તપ, ભાવ, ક્ષાન્તિ ( ક્ષમા ), ધૃતિ, સુખ, દુઃખ, સત્વ, રજ, તમ, કષાય, મૈત્રી, મોહ, મત્સર, શંકા, ભય, નિર્ભય, આધિ વગેરે સમાય છે; અને જેવી રીતે વનખંડ–જંગલમાં રેણુ, ત્રસરેણુ, સૂર્યનો તડકો, અગ્નિનો તાપ, પુષ્પોનો ગંધ, [illegible]ુ, પશુપક્ષીના શબ્દ, વાદિત્રના નાદ, પાંદડાના મર્મર ( ખડખડાટ ) વગેરે સર્વ સમાઇ જાય છે; તથાપિ અવકાશ રહે છે તેવીજ રીતે સર્વ લોક નિગોદમાં સદા પરિપૂર્ણ છતાં સર્વ દ્રવ્યો તેમાં સમાય છે એટલું જ નહિ પણ દ્રવ્યોથી નિચિત ( ખિચોખીચ ભરાયેલું ) છતાં તાદૃશ અવકાશ રહે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્ય ગણધર થયા. એમના પછી અનુક્રમે **હરિદત્ત, આર્યસમુદ્ર, પ્રભ અને કેશી** ગણધર થયા. જેમના શ્રાવક મહાવીર ભગવાનના પિતા હતા. તે પછી અઢીસેંહ વર્ષ પછી મહાવીર પ્રભુનો જન્મ થાય છે. જૈનેતરો ઇતિહાસવેત્તા પ્રથમ તો **પાર્શ્વનાથ** ભગવાનને કાલ્પનિક વ્યક્તિ અને પૌરાણિક માનતા હતા, પરંતુ બૌદ્ધ અને જૈનોના પ્રાચીન ગ્રન્થોના અભ્યાસ પછી તેઓની તે માન્યતા ફરી અને **પાર્શ્વનાથ** ભગવાનને ઐતિહાસિક પુરૂષ માનવા લાગ્યા છે જે પાશ્ચિમાત્ય વિદ્વાનો હરમન જેકોબી, **વીન્સેટ સ્મિથ,** ડૉ. **ગોએરીનો**, ડૉ. ગ્લેસેનપ વગેરે છે. પાર્શ્વનાથ ભગવાનના સમયમાં ચારવ્રત ( ચતુર્યામ ધર્મ પ્રચલિત ) હતા. અને મહાવીર ભગવાને અહિંસાદિ પાંચ પ્રકારનો ધર્મ ( પાંચ મહાવ્રત ) ઉપદેશી પ્રચલિત કરેલ છે. કાલ આશ્રી અને મનુષ્ય સ્વભાવ–પ્રકૃતિને લઇ તેવો ફેરફાર થાય છે. જે હકીકત કલ્પસૂત્રમાં છે તે સર્વ વિદિત છે.

જે ચરિત્રનાયક પ્રભુને થયાં આજે ત્રણ હજાર વર્ષ વીતી ગયા છતાં તે **પુરૂષાદાણી પાર્શ્વનાથ** ભગવાનનું નામ જૈનોના હૃદયમાં પૂજ્યભાવે, ભક્તિપૂર્વક વર્તમાનમાં બિરાજમાન છે. **પાર્શ્વનાથ** ભગવાનનું નામ, સ્મરણ, ધ્યાન વગેરે વિઘ્નનાશક છે, એમ જૈનોના અનેક ગ્રંથમાં કહેવામાં આવેલ છે. કલ્પસૂત્રમાં જે ચરિત્ર આવેલ છે તે ઘણું ટુંકું છે; પરંતુ **પાર્શ્વનાથ** ભગવાનનું વિસ્તારપૂર્વક જીવન નીચે જણાવેલા અનેક ચરિત્ર ગ્રંથોમાં આવેલ છે. જીજ્ઞાસુઓએ તે મનનપૂર્વક વાંચવા જેવું છે.

૧ શ્રી **પદ્મસુંદરગણિ** કૃત પાર્શ્વનાથચરિત્ર. વિક્રમ સં. ૧૧૩૯ શ્લોક ૧૦૨૪.
૨ શ્રી **દેવભદ્રસૂરિ**કૃત સંસ્કૃત પ્રાકૃત. શ્લોક ૯૦૦૦) સં. ૧૧૬૫.
૩ શ્રી હેમચંદ્રાચાર્યકૃત ત્રિષષ્ઠિપુરૂષચરિત્ર સં. ૧૨૨૦.
૪ શ્રી **માણિકચંદ્ર**કૃત ( સંસ્કૃત ) સં. ૧૨૭૭ શ્લોક ૫૨૭૮.
૫ શ્રી **ભાવદેવસૂરિ**કૃત સં. ૧૪૧૨ શ્લોક ૬૪૦૦.
૬ શ્રી **હેમવિજયગણિ**કૃત શ્લોક ૩૧૦૭ ( સંસ્કૃત ) સં. ૧૬૩૨.
૭ શ્રી ઉદયવીરગણિકૃત ચરિત્ર શ્લોક ૫૫૦૦) સં. ૧૬૫૪.
૮ શ્રી **વિનયચંદ્ર** કૃત શ્લોક ૩૯૮૫ ( સંસ્કૃત )
૯ **સર્વાનંદસૂરિ** કૃત તાડપત્ર ૩૪૫ ( ,, )

દિગંબર સંપ્રદાયમાં **વાદિરાજ** કૃત, માણિકયચંદ્ર જૈન ગ્રંથમાળા તરફથી પ્રગટ થયેલ છે, તેમ તે સંપ્રદાયના અન્ય મહાશયોની કૃતિઓ પણ સાંભળવા પ્રમાણે છે.

પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિઓ, કાવ્યો અને સ્તોત્રો કે જે માંગલિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યોમાં વિઘ્નનિવારણુ ગણાય છે તેવા અનેક પ્રચલિત છે. બીજા તીર્થંકર ભગવાનો કરતાં **પાર્શ્વનાથ** ભગવાન માટે આ વિશિષ્ટતા છે.

હિંદુસ્તાનના જુદા જુદા શહેરો, ગામોમાં જ્યાં જ્યાં **પાર્શ્વ**નાથ ભગવાનના મંદિરો છે ત્યાં ત્યાં જુદા જુદા નામથી પૂજાય છે. જાણુવામાં આવેલ સ્થળો ઓળખાતા નામ સાથે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ કલિકુંડ | પાર્શ્વનાથ | ખંભાત. (૧–૬) |
| ૨ કોકા | ,, | |
| ૩ કન્સારી | ,, | |
| ૪ ટાંકલા | ,, | |
| ૫ નવપલ્લવ | ,, | |
| ૬ સ્થંભન | ,, | |
| ૭ ઉમરવારી | ,, | સુરત. |
| ૮ વાડી | ,, | પાહન. |
| ૯ કલ્યાણી | ,, | પાલનપુર ( ઢીમા ) (૯–૧૧) |
| ૧૦ પલ્લવીયા | ,, | |
| ૧૧ કેશરીયા | ,, | |
| ૧૨ ગંભારી | ,, | ગુજરાત |
| ૧૩ ગાડોલીયા | ,, | મંડાલ ( ગુજરાત ) |
| ૧૪ ચિંતામણી | ,, | લખનૌ, આગ્રા, મુર્શિદાબાદ, બિકાનેર, મેડતા, પાટણ, સાદરી, જેસલમેર. |
| ૧૫ જગવલ્લભ | ,, | મેવાડ, અમદાવાદ. |
| ૧૬ જિરાઉલા | ,, | સિરોહી, અમદાવાદ, ગોઘા. |
| ૧૭ જોટવા | ,, | મ્હેસાણા. |
| ૧૮ નવપલ્લવ | ,, | માંગરોળ ( કાઠીયાવાડ ) |
| ૧૯ ચંપા પાર્શ્વનાથ | ,, | કચ્છ. |
| ૨૦ ઘૃતકલ્લોલ | ,, | વિઠ્ઠુરા ( મારવાડ ), મુંબઈ. મુર્શિદાબાદ. |
| ૨૧ દાદા | ,, | વડોદરા. |
| ૨૨ નવખંડા | ,, | પાટણ ( ગુજરાત ), ગોઘા. |
| ૨૩ નવલખ્ખા | ,, | પાલી ( મારવાડ ) |
| ૨૪ નાકોડા | ,, | બાલોતરા ( મારવાડ ) |
| ૨૫ નાડલાઇ | ,, | ( મારવાડ ) નાંદલાઇ. |
| ૨૬ પંચાસરા | ,, | પાટણ ( ગુજરાત ) |
| ૨૭ ફલવધિ | ,, | ફલોધી ( મારવાડ ) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ૨૮ વરકાણા | ,, | ( મારવાડ ) વરકાણા. |
| ૨૯ ભાભા | ,, | ( ગુજરાત ) પાટણ. |
| ૩૦ ભદ્રાવતી | ,, | બીરાર. |
| ૩૧ ભિડભંજન | ,, | ઉના ( કાઠીયાવાડ ), ખેડા |
| ૩૨ મકક્ષીજી | ,, | મકક્ષીજી ( ગ્વાલીયર ) |
| ૩૩ મનમોહન | ,, | પાટણ ( ગુજરાત ) |
| ૩૪ મનરંગા | ,, | મ્હેસાણા ( ગુજરાત ) |
| ૩૫ ગોડીજી | ,, | અજમેર, પાલી, ઉદયપુર, ભાવનગર, મુંબઈ. |
| ૩૬ કરેરા | ,, | ( ઉદયપુર નજીક ) કરેરા. |
| ૩૭ અમીઝરા | ,, | ગીરનારજી તીર્થ. |
| ૩૮ અંતરીક્ષજી | ,, | આકોલા પાસે ( તીર્થ ). |
| ૩૯ અજારા | ,, | અંજાર ( કાઠીયાવાડ ). |
| ૪૦ શ્રી શંખેશ્વરજી | ,, | શંખેશ્વર ( ગુજરાત ). |
| ૪૧ લોઢણપાર્શ્વનાથ | ,, | ડભોઇ ( ગુજરાત ). |

ઉપર પ્રમાણે જુદા જુદા ગામોમાં જુદા જુદા નામથી પ્રતિષ્ઠિત પાર્શ્વનાથ પ્રભુ પૂજાય છે.

આ સિવાય શ્રી પાર્શ્વનાથ ભગવાનના જુદા જુદા ૧૦૮ નામો છે અને ભૂતકાળમાં કોઇ શહેરોમાં પ્રતિષ્ઠીત થયેલ હશે અને તે નામથી પણ પૂજાય છે તેનું એક કાવ્ય સં. ૧૮૮૧ ના ફાગણ માસમાં શ્રી ખુશાલવિજયજી શિષ્ય ઉત્તમવિજયજી મહારાજનું રચેલું મળી આવેલું છે તે આ નીચે આપી આ લેખ પૂર્ણ કરવામાં આવે છે.

## પુરૂષાદાણી પાર્શ્વદેવ નામમાળા.

પાસ જિનરાજ સુણિ આજ શંખેશ્વરા, પરમ પરમેશ્વરા વિશ્વવ્યાપ્યો;
ભીડ ભાંગી જરા જાદવાની જઈ, થિર થઇ "શંખપુરી" તામ થાપ્યો. પાસ૦ ૧
સારિકરિ સાર મનોહારિ મહારાજ તું, માન મુઝ વીનતી મન્નમાચી;
અવર દેવાતણી આસ કુણ કામની, સ્વામીની સેવના એક સાચી. પાસ૦ ૨
તૂંહી અરિહન્ત ભગવન્ત ભવ તારણો, વારણો વિષમ ભય દુઃખ વાટે;
તૂંહી સુખકારણો સારણો કાજ સહુ, તૂંહી મનોહારણો સાચ માટે. પાસ૦ ૩
અંતરીક, અમીઝરા, પાસપંચાસરા, ભોંયરાપાસ, ભાભા ભટેવા;
વિજય ચિન્તમણિ, સોમ ચિન્તામણિ સ્વામી સીપ્રાતણી કરો સેવા. પાસ૦ ૪
ફલવૃદ્ધિ પાસ, મનમોહના, મગસિયા, તારસદ્ધા, નમું નાંહિ તોટા;
સકબલેચા પ્રભુ આસ ગુલ અજિયા, બંભણા, થંભણા, પાસ મોટા. પાસ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૈબી, ગોડી, પ્રભુ નીલકંઠા નમું હલધરા, સાંમલા, પાસ પ્યારા;
સુરસરા કંકણા પાસ દાદા વલી, સૂરજ મંડણ નમું તરણતારા. પાસ૦ ૬
જગતવલ્લભ, કલિકુંડ, ચિંતામણિ, લોઢણા, સેરિસા, સ્વામિ નમિયે;
નાકોડ, ન્હાવલા, કલિયુગા રાવણા, પોસીનાપાસ નમિ દુઃખ દમિયે. પાસ૦ ૭
સ્વામીમણિક નમું નાથ સારોડિયા–નકોડા જોરવાડી જગેશા;
કાપલી દૌલતી 'પ્રસમિયા' મુંજપુરા, ગાડરીયા પ્રભુ ગુણ ગિરેશા. પાસ૦ ૮
હમીર પુરપાસ પ્રણમું વલી નવલખા, ભીડભંજન પ્રભુ ભીડ ભાગે;
દુઃખભંજન પ્રભુ ડોકરીયા નમું, પાસ જીરાવલા જગતજાગે. પાસ૦ ૯
ઉજ્જંતિ ઉજ્જેણિયે સહસફણા સાહેબા, "મહિમદાવાદ" કોકો કડેરા;
નારિંગા ચંચૂ ચલ્લા ચવલેસરા, તવલી ફલવિહાર નાગેંદ્રનેરા. પાસ ૧૦
પાસ કલ્યાણ ગંગાણિયા પ્રણમિયે, પલ્લવિહાર નાગેંદ્રનાથા;
કુર્કટ ઇશ્વરા પાસ છત્રા અહિ, કમઠદેવે નમ્યા શક્ર સાથા. પાસ૦ ૧૧
તિમિરગોગો પ્રભુ દૂધિયા વલ્લભા, શંખલ ઘૃત કલ્લોલ બૂઢા;
ઢીગડમલ્લ પ્રભુપાસ ઝોટીંગજી, જાસમહિમા નહીં જગતગૂઢા. પાસ૦ ૧૨
ચોરવાડી જિનરાજ ઉદ્દામણિ, પાસ અજ્ઝાવરા નેવ નંગા;
કાપડેરા વજેબો પ્રભુ છે છલી, સુખસાગર તણા કરે સંગા. પાસ૦ ૧૩
વિજ્જુલા કરકંડુ મંડલીકાવળી, મુહુરિયા શ્રીફલોધી અનિંદા,
ઔઆ કુલપાક કંસારિયા ડંબરા, અનિયલા પાસ પ્રણમું આનંદા. પાસ૦ ૧૪
નવ્વસરી નવપલ્લવા પાસજી, શ્રીમહાદેવ વરકાણુવાસી,
પરોકલ ટાંકલ, નવ્વખંડા નમું, ભવતણી જાય જેહથી ઉદાસી. પાસ૦ ૧૫
મન્નવંછિત પ્રભુ પાસજીને નમું, વલી નમું નાથ સાચા નગીના;
દુઃખદોહગ તજી સાધુમારગ ભજી, કર્મના કેસરીથી ન બીના. પાસ૦ ૧૬
અશ્વનૃપનંદ કુલચન્દપ્રભુ અલવરા, બીબડા પાસ કલ્યાણરાયા;
હોવે કલ્યાણ જસ નામથી જય હુવે, જનની વામાને ધન જેહ જાયા. પાસ૦ ૧૭
એકશત આઠ પ્રભુ પાસ નામેં થુણ્યા, સુખસંપત્તિ લહ્યો સર્વ વાતેં;
ઋદ્ધિ યશ સંપદા સુખ શરીરે સદા, નાઠી મનાં માંહિરે કોઇ વાતે. પાસ૦ ૧૮
સાચ જાણી સ્તવ્યો મન્નમાહરે ગમ્યો, પાસ હૃદયે રમ્યો પરમ પ્રીતે;
સમીહિત સિદ્ધિ નવનિદ્ધિ પામ્યો સહુ, મુજથકી જગમાં કોન જીતે. પાસ૦ ૧૯
કાજસહુ સારજે શત્રુ સંહારજે, પાસ શંખેસરા મૌજ પાઉં;
નિત્ય પરભાતિ ઉઠી નમું નાથજી !, તુઝ વિના અવર કુંણ કાજે ધ્યાઉં. પાસ૦ ૨૦
અઠાર એકાસિયે ફાલગુણ માસિયે, બીજ કજ્જલ પખે છંદકરિયો;
ગૌતમ ગુરૂતણા વિજયખુશાલને, ઉત્તમેં સંપદા સુખવરિયો. પાસ૦ ૨૧

(સંગ્રાહક-ગાંધી.)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીર સંબંધી મુખ્ય થોડી બાબતો.*

( સંગ્રાહક મુનિશ્રી જયંતવિજયજી—શિવપુરી )

| સર્ગ | શ્લોક | |
|---|---|---|
| ૨ | ૩ | ભગવાન પ્રાણત વિમાનથી ચ્યવીને હસ્તોત્તરા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે છતે આષાઢ શુદિ ૬ ને દિવસે દેવાનંદાની કુક્ષીમાં આવ્યા. |
| ,, | ૨૯ | આશો ( ગુ. ભાદરવા ) વદિ ૧૩ હસ્તોત્તરા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે છતે ગર્ભ હરણ. |
| ,, | ૩૦–૩૧ | ચૌદ સ્વપ્ન-હાથી, બળદ, સિંહ, લક્ષ્મીદેવી, માળા, ચંદ્ર, સૂર્ય, મહાધ્વજ પૂર્ણકુંભ, પદ્મસર, સમુદ્ર, વિમાન, રત્નરાશી અને અગ્નિ. |
| ,, | ૫૧ | નવમાસને સાડાસાત દિવસ ગર્ભમાં થયા પછી ચૈત્ર શુદિ ૧૩ ને દિવસે હસ્તોત્તરા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે છતે જન્મ થયો. |
| ,, | ૧૦૩ | કાંઇક ન્યૂન આઠ વર્ષે આમલકી ક્રીડા |
| ,, | ૧૧૯ | કાંઇક અધિક આઠ વર્ષે લેખશાળા મોચન; ઇંદ્ર વ્યાકરણોત્પત્તિ |
| ,, | ૧૨૩ | શરીરની ઉંચાઈ સાત હાથની. |
| ,, | ૧૫૬–૫૭ | ભગવાનની ૨૮ વર્ષની ઉમ્મરે તેમના માત પિતા ૧૨ મે દેવલોકે ગયા ત્યાંથી ચ્યવીને પશ્ચિમ મહાવિદેહમાં મોક્ષે જશે. |
| ,, | ૧૬૯ | દીક્ષા લીધા પહેલાં એક વરસ સુધી વાર્ષિક દાન દીધું. |
| ,, | ૧૯૯ | ભગવાને ૩૦ વર્ષની ઉમ્મરે માગશર ( ગુ૦ કારતક ) વદિ ૧૦ ને દિવસે હસ્તોતરા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે છતે છેલ્લે પહોરે છઠતપથી એકલા દીક્ષા લીધી અને તેજ વખતે મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. |
| ૩ | ૭૭ | ભગવાને પાંચ અભિગ્રહ લીધા તે--૧ પ્રાયઃમૌન રહેવું-૨ હાથમાં ભોજન કરવું-૩ ગૃહસ્થનો વિનય ન કરવો-૪ અપ્રીતિવાળા ઘરમાં રહેવું નહિ-૫ શરીરથી કાઉસગ્ગધ્યાનમાં હમેશાં રહેવું. |
| ૩ | ૬૨૨ | શાલિશીર્ષ ગ્રામે કટપૂતનાનો શીતોપસર્ગ સહન કરતાં ભગવાનને ઉત્કૃષ્ટ લોકાવધિજ્ઞાન ઉત્પન્ન થયું. |
| ૫ | ૪ | જૃંભક ગ્રામની પાસે ઋજુવાલિકા નદીને ઉત્તર કાંઠે અવ્યકત ચૈત્યની પાસે શ્યામાક નામના ગૃહીના ક્ષેત્રમાં શાલવૃક્ષની નીચે ઉત્કટ આસને છઠ્ઠ |

* આ લેખમાનાં નામો શ્રી હેમચંદ્રાચાર્ય રચિત મહાવીર ચરિત્રમાંથી લખાયેલ છે, કે જેથી શ્રી મહાવીર પ્રભુ ચરિત્ર ઐતિહાસિક દૃષ્ટિએ સાહિત્ય રસીક લેખકને કેટલીક સગવડતા પ્રાપ્ત થાય તે દૃષ્ટિએ સંગ્રાહક મુનિશ્રીએ પ્રયત્ન કરેલો છે. અન્યને પણ જાણવા લાયક છે.

( માસીક કમીટી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપથી વિજય મુહૂર્ત્તમાં વૈશાખ શુદિ ૧૦ ને દિવસે હસ્તોતરા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે છતે દિવસના ચોથે પહોરે ભગવાનને કેવલજ્ઞાન થયું.

૪ ૪૭૯ છદ્મસ્થપણામાં ભગવાને ઘોર અભિગ્રહ લીધો—રાજ કન્યા હોય અને દાસીપણાને પામી હોય—પગમાં બેડી હોય—મસ્તક મુંડાવેલું હોય—ઉપવાસી હોય શોકથી રોતી હોય, એક પગ ઉંબરાની અંદર અને એક પગ ઉંબરા બહાર હોય, ભિક્ષાચરનો સમય વ્યતીત થઇ ગયો હોય અને તેજ બાઇ સુપડાના ખુણામાં નાંખેલા અડદના બાકુલા વહોરાવશે તોજ લઇશ અન્યથા નહી. આ અભિગ્રહ પાંચ માસ અને પચાસ દિવસે પુરો થયો.

૪ ૬૫૨ થી ૬૫૮ ભગવાનની તપસ્યા—૧ છમાસી—૧ પાંચ દિવસ ન્યૂન છ માસી—૯ ચોમાસી—૨ ત્રીમાસી, ૨ અઢીમાસી—૬ બે માસી—૨ દોઢ માસી—૧૨ માસક્ષમણ—૭૨ પક્ષક્ષમણ—૧૬ દિવસમાં ભદ્રાદિ પ્રતિમા ત્રણ—૩૬ દિવસ અઠમબાર—૪૫૮ દિવસ છઠ બસો ઓગણત્રીશ—૩૪૯ દિવસ પારણાના કુલ ૧૨ વરસ અને ૬॥ મહીના—બધી તપસ્યા નિર્જલ.

૧૩ ૨૨ થી ૩૪ કાર્તિક ( ગુ. આસો ) વદી અમાવાસ્યાની રાત્રિના પાછલા પહોરે સ્વાતિ નક્ષત્રમાં છઠ્ઠ તપકરીને ૨૯ વર્ષ પા। માસ કેવલીપર્યાય પાળીને મોક્ષે ગયા.

૧૩ ૭૨ ૩૦ વર્ષ ગૃહસ્થપણામાં અને ૪૨ વર્ષ દીક્ષા પર્યાયમાં એ પ્રમાણે ભગવાનનું ૭૨ વર્ષનું આયુષ્ય હતું.

## હવેથી મહાવીર ચરિત્રમાં આવતા મનુષ્યો, દેશ, નગર, નદીઓ વગેરેના વિશેષ નામો આપીએ છીએ.

| સર્ગ | શ્લોક | |
|---|---|---|
| ૨ | ૧ | ભરતક્ષેત્ર. |
| ,, | ,, | બ્રાહ્મણકુંડ. |
| ,, | ૨ | ઋષભદત્ત, કૌડાલસ ગોત્ર. |
| ,, | ,, | દેવાનન્દા, જાલન્ધર ગોત્ર. |
| ,, | ૧૫ | ક્ષત્રિયકુંડ ગ્રામ. |
| ,, | ૧૮ | સિદ્ધાર્થ રાજા—જ્ઞાતકુલ. |
| ,, | ૨૧ | ત્રિશલારાણી. |
| ,, | ૪૩ | નંદિવર્ધન ( ભ. ના ભાઇ ). |
| ,, | ,, | સુદર્શના ( ભ. ની બેન ). |
| ,, | ૧૨૫ | રાજા સમરવીર ( ભ. ના શ્વશુર ). |
| ,, | ,, | યશોદા ( ભ. ની ભાર્યા ). |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ,, | ૧૫૪ | પ્રિયદર્શના ( ભ. ની પુત્રી ). |
| ,, | ૧૫૫ | જમાલિ ( ભ. નો જમાઇ ). |
| ,, | ૧૯૨ | જ્ઞાતખંડવન ( ક્ષત્રિયકુંડમાં ). |
| ૩ | ૨ | સોમઃ ( વિપ્રઃ ) ( સિદ્ધાર્થ રાજાનો મિત્ર દેવદુષ્ય લેનાર ). |
| ,, | ૧૫ | કુમારગ્રામ પહેલો ઉપસર્ગ–ગોપનો. |
| ,, | ૩૨ | સિદ્ધાર્થ વ્યંતર ( ભગવાનનો માસીઆઈ ભાઈ ). |
| ,, | ૩૪ | કોલ્લાક ગ્રામ પ્રથમ પારણું. |
| ,, | ૩૫ | બહુલવિપ્ર—પ્રથમ પારણું કરાવનાર. |
| ,, | ૪૯ | મોરાકગ્રામ પ્રથમ ચોમાસું. |
| ,, | ૪૯ | દુઇજ્જન્ત તાપસનું આશ્રમ, |
| ,, | ૫૫ | ,, ,, મોરાક ગ્રામમાં. |
| ,, | ૭૮ | આસ્થિક ગ્રામ–પહેલા ચોમાસામાં ભગવાન ગયા. શૂલ પાણીનો ઉપસર્ગ. |
| ,, | ૭૯ | શૂલપાણિયક્ષ. |
| ,, | ૮૧ | વર્ધમાન ગ્રામ–અસ્થિગ્રામનું પ્રથમનું નામ. |
| ,, | ,, | વેગવતી નદી તે ગામની નદી. |
| ,, | ૮૨ | ધનદેવવણિક–સાર્થવાહ. |
| ,, | ૧૧૨ | ઇંદ્રશર્મા શુલપાણિનો પૂજક. |
| ,, | ૧૨૫ | ઉત્પલપરિવ્રાજક નિમિત્તિઓ. |
| ,, | ૧૧૭૦ | મોરાકગ્રામ. |
| ,, | ૧૭૧ | અચ્છંદક પાખંડી મોરાકગ્રામ વાસી મંત્રતંત્રાદિ કરનાર. |
| ,, | ૧૯૫ | વીરઘોષકર્મકૃત મોરાકગ્રામ. |
| ,, | ૨૦૦ | ઇંદ્રિશર્મા ,, |
| ,, | ૨૧૮ | ઉત્તર ચાવાલસન્નિવેશ. |
| ,, | ૨૧૯ | દક્ષિણ ચાવાલ. |
| ,, | ,, | સુવર્ણવાલુકા નદી ઉપરના બન્ને ગામની વચમાં છે. |
| ,, | ,, | રૂપ્પવાલુકા નદી. |
| ,, | ૨૨૬ | કનકખલાખ્યતાસાશ્રમ શ્વેતવીનગરીની પાસે. |
| ,, | ૨૩૭ | ચંડકૌશિક તાપસ. |
| ,, | ૨૪૭ | ચંડકૌશિક સર્પ. |
| ,, | ૨૮૦ | ઉત્તર ચાવાલ સન્નિવેશ. |
| ,, | ૨૮૧ | નાગસેન ગૃહસ્થ ઉત્તર ચાવાલમાં પારણું કરાવનાર. |
| ,, | ૨૮૬ | શ્વેતવી નગરી. |
| ,, | ૨૮૬ | પ્રદેશી રાજા–શ્વેતવી નગરીનો રાજા. |
| ,, | ૨૮૮ | સુરભિપુર નગર. |
| ,, | ૨૮૯ | ગંગાનદી. |
| ,, | ૨૯૦ | સિદ્ધદત્ત નાવિક ગંગા નદીમાં નાવ ચલાવનાર. |
| ,, | ૨૯૨ | ક્ષેમિલ શકુનજ્ઞ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ,, | ૨૯૪ | સુદાઢ નાગકુમાર ભગવાનને નાવમાં ઉપસર્ગ કરનાર. |
| ,, | ૩૦૬ | મથુરાપુરી. |
| ,, | ,, | જિનદાસ મથુરાપુરીમાં કંબલ શંબલનો રક્ષક. |
| ,, | ૩૧૫ | કંબલ શંબલ વૃષભ. |
| ,, | ૩૨૫ | ભંડીરવણયક્ષ. |
| ,, | ૩૪૧ | કંબલ શંબલ નાગકુમાર દેવો. |
| ,, | ૩૪૯ | પુષ્પ સામુદ્રિક શાસ્ત્રવેત્તા. |
| ,, | ૩૫૨ | સ્થુણાક ગ્રામ. |
| ,, | ૩૭૦ | રાજગૃહ નગર. |
| ,, | ૩૭૧ | નાલંદા ( તેની શાખા ) બીજું ચોમાસું. |
| ૩ | ૩૭૩ | મંખલિ મંખ્ય જાતિનો, ગોશાલક પિતા. |
| ,, | ,, | ભદ્રા ગોશાલક માતા. |
| ,, | ૩૭૪ | શરવણ ગ્રામ ,, નું જન્મ ગ્રામ. |
| ,, | ,, | ગોબહુલ વિપ્ર શરવણ ગ્રામમાં ગોશાલકનું જન્મ સ્થાન ગોશાલાનો ધણી. |
| ,, | ૩૭૯ | વિજયશ્રેષ્ઠિ રાજગૃહ નગરમાં ભગવાનને પારણું કરાવનાર. |
| ,, | ૩૮૮ | આનંદ ગૃહસ્થ ,, ,, |
| ,, | ૩૮૯ | સુનંદ ગૃહસ્થ ,, ,, |
| ,, | ૩૯૮ | કોલ્લાક ગ્રામ |
| ,, | ૩૯૯ | બહુલ વિપ્ર કોલ્લાક ગ્રામ ,, |
| ,, | ૪૧૩ | સ્વર્ણખલ ગ્રામ |
| ,, | ૪૧૯ | બ્રાહ્મણ ગ્રામ નંદ ઉપનંદના પાડાવાળું. |
| ,, | ,, | નંદ બ્રાહ્મણ ગ્રામ ભગવાનને પારણું કરાવનાર. |
| ,, | ,, | ઉપનંદ ,, ગોશાલાએ ઉપનંદનો પાડો બાળી નાખ્યો તે. |
| ,, | ૪૨૬ | ચંપા નગરી ત્રીજું ચોમાસું. |
| ,, | ૪૨૮ | કોલ્લાક ગ્રામ. |
| ,, | ૪૩૦ | વિદ્યુન્મતિ દાસી ( ગ્રામે શતનયઃ ) સિંહ ( કોલ્લાક ગ્રામમાં ). |
| ,, | ૪૩૯ | પત્રકાલ ગ્રામ ,, |
| ,, | ૪૪૦ | સ્કન્દઃ ( ગ્રામણીસુતઃ ) દન્તિલા દાસી પત્રકાલ ગ્રામમા. |
| ,, | ૪૪૫ | કુમારસન્નિવેશ ગ્રામ. |
| ,, | ,, | ચંપકરમણીયોદ્યાન ઉપરોકત ગ્રામમાં. |
| ,, | ૪૪૬ | કૂપનય કુલાલ ( કુંભાર ). |
| ,, | ૪૪૭ | મુનિચંદ્રાચાર્ય શ્રી પાર્શ્વનાથ શિષ્ય. |
| ૩ | ૪૪૮ | વર્ધનસૂરિ ઉપરોકત આચાર્યના શિષ્ય. |
| ,, | ૪૭૭ | સોરાક ગ્રામ ઉપસર્ગ ચોરિક હેરિકશંકાથી ભ૦ પકડાયા. |
| ,, | ૪૮૨ | સોમા ઉત્પલની બેન પાર્શ્વનાથ ભ. ની શિષ્યા તાપસણી. |
| ,, | ,, | જયન્તિકા ,, ,, |
| ,, | ૪૮૭ | પૃષ્ઠ ચંપા નગરી ચોથું ચોમાસું. |
| ,, | ૪૮૯ | કૃત મંગલનગર. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

ગતાંક પૃષ્ઠ ૨૪૯ થી શરૂ.

અનુ:—વિ. મૂ. શાહ.

મન અર્થાત્ કારણ શરીરમાંથી જ સંસ્કારોનો ઉદ્દગમ થાય છે. મનમાં જ સુખની સ્મૃતિ ઉઠે છે, ત્યારે મન વિષયોનું ચિન્તન કરે છે. મનના સંકલ્પોમાં જ માયાનું મજબૂત આસન છે. અને તેમાંથી આસક્તિ ઉત્પન્ન થાય છે. મન જુદી જુદી જાતની યોજનાઓ રચે છે અને તેનાથી તે પોતે વિષયોને આધીન થઇ જાય છે અને તેની પ્રાપ્તિ તથા ઉપભોગ માટે શારીરિક ચેષ્ટા કરવા લાગે છે. તે પોતાના પ્રયત્નોમાં રાગ તથા દ્વેષને લઇને કયાંક સ્નેહભાવ દેખાડે છે અને કયાંક ઉપેક્ષાભાવ દેખાડે છે. તેથી જ શુભ તથા અશુભ કર્મોના ફળ ભોગવવાં પડે છે. આ જન્મ તથા મૃત્યુરૂપ સંસાર–ચક્ર રાગદ્વેષ, ધર્મ અધર્મ, સુખ દુઃખના છ આરાની મધ્યમાં અનાદિ કાળથી વિનાવિરામ ચાલી રહેલ છે.

કેટલાક લોકોને દુધ રૂચે છે અને કેટલાકને નથી રૂચતું, પરંતુ દુધની અંદર એવો કોઇ દોષ નથી. નિશ્ચયપૂર્વક મનની અંદર કોઇ એવો વિકાર

| | | | |
|---|---|---|---|
| ,, | ૪૯૦ | દરિદ્રસ્થવિરાભિખ્યા પાખંડિનઃ ઉપરોકતનગરે. | |
| ,, | ૫૦૫ | શ્રાવસ્તીનગરી. | |
| ,, | ૫૦૯ | પિતૃદત્ત ગૃહસ્થ શ્રાવસ્તી નગરીમાં | ગોશાલાને માંસ મિશ્રીત ખીર ખવરાવનાર. |
| ,, | ૫૧૦ | શ્રીભદ્રા તેની સ્ત્રી ,, | |
| ,, | ,, | શિવદત્તક નિમિત્તિઓ ,, | |
| ,, | ૫૨૦ | હરિદુક ગ્રામ. | |
| ,, | ૫૨૭ | લાંગલ ગ્રામ. | |
| ,, | ૫૩૪ | આવર્ત ગ્રામ | |
| ,, | ૫૪૨ | ચોરાક ગ્રામ. | |
| ,, | ૫૪૮ | કલંબુક ગ્રામ. | |
| ,, | ૫૪૯ | મેઘ ઉપરોકત ગ્રામનો માલિક. | |
| ,, | ,, | કાલહસ્તી ,, ,, | |
| ,, | ૫૫૬ | લાટદેશ અનાર્યદેશ. | |
| ,, | ૫૬૨ | પૂર્ણકલશગ્રામ. | |
| ,, | ૫૬૬ | ભદ્દિલપુર પાંચમું ચોમાસું. | |
| ,, | ૫૬૭ | કદલીસમાગમ ગ્રામ. | |

—(ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, મનમાં જ એક દોષ છે એ નિઃસંદેહ છે. જ્યારે બાળક પોતાની માતાને જુએ છે ત્યારે તે સમજે છે કે તે પોતાનું પાલન પોષણ કરનારી અને સર્વ પ્રકારના સુખ આપનારી છે. તેવી સ્ત્રીને તેનો પતિ સુખનું સાધન સમજે છે અને તે જ સ્ત્રીનો જ્યારે એકાદ દોષ દેખાય છે ત્યારે તેને પોતાનો શિકાર સમજે છે. એ સ્ત્રી તો પ્રત્યેક સ્થિતિમાં તે જ છે, પરંતુ બાળક, પતિ અને દોષની વિચાર દૃષ્ટિ-માનસિક દોષને લઇને વિભિન્ન થઇ જાય છે.

આપણા મનના આપણે પોતે જ સર્વશ્રેષ્ઠ ન્યાયાધીશ છીએ. એકાન્તમાં અથવા શાંત ઓરડીમાં જઇને એક કલાક સુધી અંતઃપ્રેક્ષક કરો ત્યારે જ તમને તમારા મનના દોષ અને નબળાઇઓ સ્પષ્ટ જણાઈ આવશે.

શમના અભ્યાસથી મનમાં જે શાંતિ ઉત્પન્ન થાય છે તેને ઉપરતિ કહેવામાં આવે છે. સાધનાદ્વારા મનને હૃદયમાં સ્થિર કરવું એ શમ છે. વાસનાનો ત્યાગ એ જ શમ છે. મનને વિષયાકાર ન થવા દેવું, બાહ્યવૃત્તિઓમાં ન ભટકવા દેવું. એ અંતર્મુખવૃત્તિ કહેવાય છે.

સત્વાપત્તિ મનની એ અવસ્થા છે કે જ્યારે તે સત્ત્વથી, નિર્મળતાથી પરિપૂર્ણ થઇ જાય છે. એનાથી ભાવ-સંશુદ્ધિ ( વિચારની શુદ્ધિ ) તથા સત્વ-સંશુદ્ધિ ( જીવનની શુદ્ધિ ) થાય છે. એ જ્ઞાનની ભૂમિકા છે.

નિદ્રાવસ્થામાં મન હૃદયમાં-મુખ્ય પ્રાણમાં નિવાસ કરે છે.

પહેલી ભાવના જે આપણા મનમાં ઉઠે છે તે હું અને ' મારૂં ' હોય છે. છેવટની ભાવના અથવા વૃત્તિ હશે, તદ્દાકારવૃત્તિ અને તે ત્યારે ઉત્પન્ન થાય છે કે જ્યારે આપણે અનુભવીએ છીએ.

ગાયો અનેક પ્રકારની હોય છે, તેના રંગ તથા આકાર-પ્રકારમાં તફાવત હોય છે, પરંતુ સૌનું દુધ એક સરખું જ હોય છે. મનુષ્યોના રીત રિવાજ, રહેણીકરણી, વસ્ત્રાભૂષણ, ખાનપાન આખા સંસારમાં જુદા જુદા હોય છે; પરંતુ ભાવ તથા વૃત્તિઓ એક જ હોય છે જુદા જુદા દેશોમાં જુદી જુદી હોય છે, પરંતુ ભાષાઓના મૂળમાં જે ભાવ રહેલો છે તે એક જ હોય છે. એ વિભિન્નતા દ્વૈત અને અનેકત્વમાં એકત્વની ઝલક રહેલી છે. નિદ્રામાં એક જ રસ, એક જ તત્વ છે. તેમાં સૌનો અનુભવ સરખો છે, જુદા જુદા ભાવનો તેની અંદર સર્વથા અભાવ છે. એવી રીતે બધી વસ્તુઓની અંદર એક જ સજાતીય દ્રવ્ય છે અને તે આત્મા છે.

એક પક્ષી જ્યારે ચારેતરફ ઉડે છે અને તેને વિશ્રામનું સ્થાન નથી મળતું ત્યારે છેવટે જ્યાં તેને પુરી રાખવામાં આવ્યું હતું ત્યાં જ આવી જાય છે. એવી જ રીતે મન જ્યારે ચારેતરફ ભટકે છે અને તેને કયાંય ઉભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેવાનું સ્થાન નથી મળતું ત્યારે છેવટે તે આત્માનો આશ્રય લે છે. જરૂર. આત્મા મનને બાંધનાર દોરી છે.

મનને પારાની સાથે સરખાવવામાં આવે છે, કેમકે તે જુદા જુદા વિષયો ( પદાર્થો ) ઉપર ફેલાઇ જાય છે. તેની તુલના વાંદરાની સાથે કરવામાં આવે છે, કેમકે તે એક વિષયથી બીજા વિષય ઉપર કુદ્યા કરે છે, તેને હવાની સાથે સરખાવવામાં આવે છે કે તે તેના જેવું ચંચળ છે. તેની ઉપમા તેની પ્રચંડ વાસનાઓને કારણે ક્રોધાન્ધ હાથીની સાથે પણ કરવામાં આવે છે.

જેવી રીતે અગ્નિવડે સીસું, સોનું વિગેરે પિગળી જાય છે તેવી રીતે કામક્રોધ રૂપિ અગ્નિ મનને ગાળી નાંખે છે.

મન પોતાની અંદરથી આ ભૌતિક જગતને જાગ્રત અવસ્થામાં ઉત્પન્ન કરે છે અને સુષુપ્તિમાં પોતાની અંદર એને સમાવી દે છે. ગ્રાહ્ય તથા ગ્રાહક એક જ છે. બાહ્યાકાર તથા વિષયાકાર બનેલી મનોવૃત્તિને જ પદાર્થ કહેવામાં આવે છે; આ એક વિચાર—સરણી છે.

મનમાં ઇચ્છાશકિત તથા દૃષ્ટિ જુદી જુદી હોય છે. પરંતુ શુદ્ધ ચિત્તમાં ઇચ્છા તથા દૃષ્ટિમાં ભેદ નથી હોતો. તેની અંદર ઇચ્છાશકિત તથા દ્રષ્ટિનો સંયોગ થઇ જાય છે અને પછી તે એક બીજાથી જુદા પડતા નથી.

માનસિક વૃત્તિઓનું કાર્ય આવરણ—ભંગ અર્થાત્ પદાર્થો ઉપર રહેલ અવિદ્યાના પડદાને દૂર કરવાનું છે. સ્થૂલ અવિદ્યા સર્વ પદાર્થોને ઢાંકી રહેલી છે. જ્યારે પડદો દૂર થઇ જાય છે ત્યારે પદાર્થોનો પ્રત્યક્ષ સંભવ થઇ જાય છે. વૃત્તિઓ અવિદ્યાનું આવરણ દૂર કરે છે, જ્યારે આપણે લોકાનાં ટોળામાંથી પસાર થતા હોઇએ છીયે ત્યારે દૃષ્ટિમાં કેટલાક માણસો આવે છે અને કેટલાક આપણી સામે હોય છે તો પણ આપણે તેને જોતા નથી, કેમકે આપણી સામે જે આવરણ હોય છે તેનો પૂરેપૂરો ભંગ થયો હોતો નથી. જ્યારે તેનો પૂરેપૂરો ભંગ થઇ જાય છે ત્યારે પદાર્થ આપણી સામે ઝળકવા લાગે છે.

જ્યારે મન તજી દીધેલા પદાર્થોની પ્રાપ્તિ માટે તેને ઇષ્ટ સમજીને લલચાવા લાગે ત્યારે વિવેકનો દંડ ઉઠાવવો. તેનાથી તેનું માથું નીચું થઇ જશે અને તે શાંત થઇ જશે.

મન અત્યંત સૂક્ષ્મ હોવાથી તેનો સંબંધ બીજા મનોની સાથે ઘણો હોય છે.

મનની શરીર ઉપર અસર થાય છે. મનમાં શોક હોવાથી શરીર દુર્બળ થઇ જાય છે. તેના બદલામાં શરીરની પણ મન ઉપર અસર થાય છે. સ્વસ્થ શરીરમાં મન પણ સ્વસ્થ હોય છે. પેટમાં દરદ થવાથી મનમાં બેચેની પેદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, શરીર મનની છાયા જ છે. એ મનની દ્વારા બનેલો એક સંચો છે જેમાં મન પોતાની શક્તિઓ વિતરિત કરે છે. શુદ્ધ મનનો અર્થ સ્વસ્થ શરીર થાય છે, જો કે સર્વથા એવું નથી હોતું.

બળવાન મનની અસર નબળાં મન પર થાય છે. એક બળવાન મનવાળો હિપ્નોટીસ્ટ નબળા મનવાળા દશ બાળકોને સંમોહિત કરી શકે છે. મહાત્મા ગાંધીજીએ પોતાની માનસિક શક્તિના બળથી લાખો મનુષ્યોને ખાદી પહેરવા માટે તથા પોતાનું અનુકરણ કરવા માટે પ્રભાવિત કરી દીધા છે.

મનનું એક કિરણ બહાર જાય છે, વસ્તુના રૂપ તથા રંગમાં પરિણત થઇ જાય છે અને આવૃત કરી દે છે, ત્યારે જ્ઞાન થાય છે. એક પુસ્તકનો પ્રત્યક્ષ સંભવ ત્યારે છે કે જ્યારે મન તેના આકારને યથાવત્ ગ્રહણ કરે. થોડા બાહ્યાચારની સાથે માનસિક રૂપ જ વિષય બને છે. જે કાંઈ વસ્તુ આપણે બહાર જોઇએ છીએ તેની માનસિક મૂર્તિ આપણા મનમાં પણ ઉભી થાય છે.

પ્રત્યક્ષ જ્ઞાનનો બીજો સિદ્ધાંત એ છે કે બહાર કેવળ કંપન છે, પરંતુ મન તેને રૂપ, રંગ તથા આકૃતિ આપે છે. એવી અવસ્થામાં આપણે એને કેવળ માનસિક વિકાર અથવા માનસિક અવિદ્યા જ કહેશું

મનમાં ઔરા ( Aura ) હોય છે. તે માનસિક અથવા પ્રાણ સંબંધી હોય છે, ઔરા ( Aura ) એક પ્રકારનું તેજ છે જે મનમાંથી ઉત્પન્ન થાય છે, જે લોકો મનને ઉન્નત કરે છે તેઓનું ઔરા ( Aura ) અત્યંત ચમત્કારી હોય છે. તેનો પ્રકાશ ઘણે દૂર જઇ શકે છે અને તે અનેક મનુષ્યો ઉપર પોતાનો પ્રભાવ પાડે છે, જેઓ એ પ્રભાવની અંદર આવી જાય છે. આત્મિક ઔરા ( Aura ) માનસિક કે પ્રાણિક ઔરા ( Aura ) થી વધારે શક્તિશાળી હોય છે. ભગવાન બૌધનું આત્મિક ઔરા ( Aura ) ત્રણ માઇલ સુધી ફેલાઇ રહેલું હતું.

મનદ્વારા જ જગત આભાસિત થાય છે. પરંતુ આશ્ચર્યની વાત છે કે દૃષ્ટા સિવાય મનને કોઇએ જોયું નથી.

વાસના ભાવાપન્ન મનની એક અવસ્થા વિશેષ છે. વાસના ઇંધન છે અને સંકલ્પ અગ્નિ છે. સંકલ્પાગ્નિ વાસનારૂપી ઇંધનદ્વારા જાગૃત રાખી શકાય છે, જો આ આપણે ઇંધન નાખવાનું બંધ કરી દઇએ તો અગ્નિ તેના ગર્ભમાં જ લીન થઇ જશે. જો આપણે વાસનાઓનો ઉચ્છેદ કરીને ચિંતન બંધ કરી દઇએ તો મન પરમાત્મા તરફ ખેંચાશે.

જે રોગ ભૌતિક શરીરને પીડા આપે છે તે તો ગૌણ રોગ છે; મુખ્ય રોગ તો વાસના છે જે મનને પીડા આપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગોનું પ્રારંભિક કારણ ખરાબ વિચારો છે કે જે શરીરને પીડા કરે છે. જો ખરાબ વિચારો નષ્ટ કરવામાં આવે તો શારીરિક રોગો પણ અંતર્હિત થઇ જાય. મનની પવિત્રતાનો જ અર્થ સ્વસ્થ શરીર છે.

જ્યારે મન ઉત્તેજીત થાય છે ત્યારે શરીર પણ ઉત્તેજીત થાય છે, જ્યાં શરીર જાય છે ત્યાં મન પણ તેની સાથે જાય છે, જ્યારે મન તેમજ શરીર બન્ને ઉત્તેજીત થઇ જાય છે ત્યારે પ્રાણ વિષમ થઇ જાય છે. એ વિષમ ગતિને લઇને આખા શરીરમાં કંપન શરૂ થાય છે, જેને લઇને ભોજનનો યોગ્ય પરિપાક નથી થતો અને રોગ ઉત્પન્ન થાય છે. જો પ્રારંભિક કારણો દૂર કરવામાં આવે તો બધા રોગો આપોઆપ નષ્ટ થઇ જાય.

—ચાલુ

# વર્તમાન સમાચાર.

કલકત્તા શહેરમાં કેનીંગ સ્ટ્રીટનાં ૯૬ માં આવેલ જૈન ઉપાશ્રયના મકાન (ચૈત્યાલયમાં) શ્રી મહાવીર પ્રભુ, શ્રી ઋષભદેવ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાઓ જેઠ શુદ ૫ શુક્રવારના રોજ પધરાવેલ છે. ( પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. ) તેને અંગે અઠ્ઠાઇ મહોત્સવ, શાંતિ સ્નાત્ર, સ્વામીવાત્સલ્ય વગેરે શુભ કાર્યોથી ભકિત કરી શાસનની વૃદ્ધિ કરી છે. આ માંગલિક કાર્ય બાળબ્રહ્મચારી શ્રી જૈન ગુરૂકુળના સંસ્થાપક સ્વર્ગવાસી મુનિશ્રી ચારિત્રવિજયજીના સુશિષ્યો મુનિરાજ **શ્રી દર્શનવિજયજી**, મુનિરાજ **શ્રી જ્ઞાનવિજયજી**, **શ્રી ન્યાયવિજયજીના** ઉપદેશથી થયેલ છે. ત્યાંના શ્રી સંઘના અગ્રેસરો શેઠ શ્રી નરોતમદાસ જેઠાભાઇ, રતનજી જીવણદાસ, ઇદરજી લાલજી દોશી, અંબાલાલ ધરમચંદ અને દેવકરણ ગોકળદાસ વગેરે શ્રદ્ધાળુ બંધુઓના તરફથી આમંત્રણ થયેલ છે.

---

**આ સભાનો ૩૫ મો વાર્ષિક મહોત્સવ—**

**સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ સુદ ૭ અને પ્રાત:સ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ આ સભાએ ઉજવેલ જયંતી.**

આ સભાને પાંત્રીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ છત્રીશમું વર્ષ બેસતું હોવાથી દરવર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યાં હતાં.

૧ જેઠ શુદ ૭ રવીવારના રોજ આ સભાના મકાન ( આત્માનંદ ભવન ) ને ધ્વજા તોરણ વગેરેથી શણગારી સવારના આઠ વાગે પ્રથમ પ્રાત:સ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું, ત્યારબાદ નવવાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ વિજયવલભસૂરિ મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃત શ્રી પંચતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી ચતુર્વિધ સંઘે તેમાં ભાગ લીધો હતો. અને પૂજામાં પધારેલા બંધુઓનો આ સભાના સેક્રેટરી શેઠ હરજીવનદાસ દીપચંદ તરફથી દુધ પાર્ટી આપી સત્કાર કરવામાં આવ્યો હતો.

તેજ દિવસે સાંજે ક. ૫-૫૦ ની ટ્રેનમાં ( દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની જયંતી જેઠ શુદ ૮ સોમવારના રોજ ઉજવવાની હોઇ ) શ્રી સિદ્ધાચળજી ( પાલીતાણા ) સુમારે ચાળીશ સભાસદ બંધુઓ ગયા હતા.

૨ જેઠ શુદ ૮ સોમવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી **આદિશ્વર પ્રભુના મંદિરમાં** આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ કૃત શ્રી નવાણું પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી. દેવગુરૂની સુશોભિત આંગી રચવામાં આવી હતી તથા પુરબાઇની ધર્મશાળામાં પ્રિતિભોજન કરવામાં આવ્યું હતું. ગુરૂભકત શ્રી શેઠ લાલચંદભાઇ ખુશાલચંદ બાલાપુરવાળા તરફથી તે માટે આર્થિક સહાય ગુરૂભકત માટે મળેલ છે.

---

## વિજાપુર ( ગુજરાત ) માં જૈન જ્ઞાનમંદિરના મકાનની ઉદ્દઘાટન ક્રિયા.

સદ્દગત આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિશ્વરજીએ પોતાની હૈયાતિમાં અપરિમિત પરિશ્રમ લઇ પુસ્તકો-આગમો વગેરેનો સંગ્રહ સુવ્યવસ્થીત રીતે સચવાઇ રહે તેવી ઇચ્છા પ્રદર્શીત કરી હતી. જેને લઇને તે માટે હાલમાં એક ફાયરપ્રુફ મકાન તે સંગ્રહ સાચવવા માટે ત્યાંના શ્રી સંઘે બનાવેલ, તેને ખુલ્લું મુકવાની ક્રિયા ત્યાંના શ્રી સંઘે શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલના પ્રમુખપણા નીચે શ્રી સંઘનો મેળાવડો કરી ખુલ્લું મુકાવી કરી હતી. સદ્દગત આચાર્યશ્રીનો વિજાપુરમાં જ્ઞાનમંદિર કરવાનો હેતુ પ્રમુખશ્રીએ જણાવ્યો હતો અને આ માટે શેઠ ચુનીલાલ ન્હાનચંદની વિધવા શ્રીમતી અમથી બ્હેનના ટ્રસ્ટીઓ તરફથી રૂા ૭૦૦૧) ની રકમ મળવા માટે ઉપકાર માની જ્ઞાન મંદિરનું મકાન ખુલ્લું મુકયાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનમંદિરની વ્યવસ્થા કરવા માટે સેક્રેટરીઓ તથા મેમ્બરોના વર્ગોની કમિટિ નિમવામાં આવી હતી. અમે ભવિષ્યમાં આ જ્ઞાનમંદિરની ઉન્નતિ ઇચ્છીએ છીએ અને આવા આવા શહેરોમાં દરેક સ્થળે આવા પ્રાચીન ગ્રંથોના સંગ્રહથી બિરાજીત જ્ઞાનમંદિરની સ્થાપના થયેલી જોવા ઇચ્છીએ છીએ અને આવશ્યકતા માનીએ છીએ.

---

## શ્રી મહાવીર વિદ્યાલયને પ્રાપ્ત થયેલ શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ.

ઉપરોકત સંસ્થામાં ઉપરના નામથી થયેલ ફંડવડે આવતા જુન માસથી ઉચ્ચ ધાર્મિક શિક્ષણ શાળા ખોલવામાં આવશે. તેમાં કલકત્તામાં લેવાતી જૈન ન્યાયતીર્થની પ્રથમ, મધ્યમા, તથા ઉપાધિની પરિક્ષાઓ માટેના વર્ગો તેમજ મુંબઇ યુનિવરસીટીના પ્રથમ વર્ષથી માંડી એમ, એ સુધીના અર્ધ માગધીના અભ્યાસ માટે વર્ગો હાલમાં રાખવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિદ્યાલયમાં રહી કૉલેજના શિક્ષણુ સાથે અથવા માત્ર ન્યાયતીર્થની પરિક્ષાઓ માટે અભ્યાસ કર્તા વિદ્યાર્થીઓને વિદ્યાલયમાં દાખલ કરવામાં આવશે. અને બહારના જૈન તેમજ જૈનેતર વિદ્યાર્થીઓને આ ફંડની યોજના તેમજ આ સંસ્થાના ધારાધોરણુ પ્રમાણે શેઠ મેઘજી સોજપાળ ધાર્મિક શિક્ષણશાળામાં અભ્યાસ કરાવવા ગોઠવણુ કરવામાં આવી છે. આ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રૂ. દશ અને તેથી વધુ રકમની સ્કોલરશીપો મોટી સંખ્યામાં યોગ્યતા પ્રમાણે આપવામાં આવશે, તે સંસ્થાના વિદ્યાર્થીઓ પાસેના લેણા-પેટે વસુલ કરવામાં આવશે નહિં જૈન વ્યાકરણુ તીર્થ માટેના વર્ગો પણુ અરજીઓ આવેથી પુરતી સંખ્યામાં ખોલવામાં આવશે. ઉમેદવારોએ નીચે લખેલા સ્થળેથી અરજીઓ મોકલી આપવી.

ગોવાલીયાટેંક રોડ મુંબઈ નં૦ ૭ **મોતીચંદ ગિરધરલાલ કાપડીયા.** ઓ૦ સેક્રેટરી

## " શ્રી આત્મારામજી મહારાજની જયંતી. "

પુના " તા. ૨૫-૫-૩૧ ના દીવસે શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરી પુના તરફથી **શ્રીમદ્ વિજયાનંદસૂરિ** ( આત્મારામજી ) મહારાજની જયંતી લાયબ્રેરીના હૉલમાં ઉજવવામાં આવી હતી. લોકોની હાજરી પણુ સારા પ્રમાણમા હતી, તે પ્રસંગે મ્યુ. કૌન્સીલર મી. પોપટલાલ શાહના પ્રમુખપણામાં મહારાજશ્રીના જીવનચરિત્ર ઉપર સરસ વિવેચન થયું હતું. બીજા ત્રણુ ચાર વકતાઓના પણુ ભાષણુ થયા હતા. પ્રમુખસ્થાનેથી સમાલોચના કરતાં આવા મેળાવડાઓની ખાસ અગત્ય જણાવી હતી. બાદ સેક્રેટરી તરફથી પ્રમુખશ્રીના અને શ્રોતૃ સમુદાયના આભાર માન્યા પછી મેળાવડો વિસર્જન થયો હતો "

## મહેરબાન શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી જોગ.

આ સાથે મોકલેલ સંઘના ઠરાવનું હેન્ડબીલ આપના માસિકમાં છાપવા યોગ્ય કરશો.

તા. ૨૯-૫-૩૧ લી૦

**મોતીચંદ ઝવેરચંદ મહેતા**

(શ્રી સંઘની આજ્ઞાથી)

શ્રી ભાવનગર શ્રી જૈન સંઘના માનનીય પ્રમુખ તરફથી નીચેનો ઠરાવ પ્રકટ કરવા અમોને મળ્યો છે જે જાહેરની જાણુ માટે પ્રકટ કરીયે છીયે, **( માસિક કમીટી )**

## ભાવનગરના શ્રી સંઘનો ઠરાવ.

સં. ૧૯૮૭ જેઠ શુદિ ૨ ને ભોમવારના રોજ શ્રી સંઘના સેક્રેટરી શેઠ કુંવરજી આણંદજીના નામથી શ્રી સંઘને ભેગો કરવાની આમંત્રણુ પત્રિકા નીકળવા પછી તેજ દિવસે રાત્રિના મોટા દેરાસર પાસેના ઉપાશ્રયના હૉલમાં રા. રા. શ્રીયુત મોતીચંદ ઝવેરચંદ મહેતાના પ્રમુખપણા નીચે જૈન સંઘ એકત્ર થતાં નીચેના બે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ પહેલો.

શા માણેકલાલ રાયચંદના સગીર પુત્ર પ્રતાપરાયને અહીંથી કોઇના શીખવવાથી દીક્ષા લેવા માટે નસાડવામાં આવેલ છે. તો તેમને કોઇ પણ ગામના કે શહેરના સંઘે કે કોઇ પણ સાધુ મહારાજે તે નાની ઉંમરનો હોવાથી તેમજ તેના માબાપની રજા નહિ હોવાથી ભાવનગરના શ્રી સંઘની સંમતિ સિવાય દીક્ષા આપવી નહીં અને દરેક ગામ અને શહેરના સંઘને વિનંતિ કરવામાં આવે છે કે સદરહુ પ્રતાપરાય જે જગ્યાએ હોય ત્યાંના સંઘે ભાવનગર શ્રી સંઘ ઉપર લખી મોકલવા મહેરબાની કરવી.

ઠરાવ મુકનાર **શેઠ નાનચંદ કુંવરજી.**
ટેકો આપનાર **શા જગજીવન છગનલાલ.**

ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર થયેલ છે.

## ઠરાવ ૨ જો.

સં. ભાવનગરના નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનના મેં૦ પ્રમુખ સર પટ્ટણી સાહેબ તરફથી તા. ૨૪-૧૨-૧૯૨૯ ના રોજ **શ્રી સંઘના** સેક્રેટરી ઉપર આવેલ નીચે પ્રમાણેની ચીઠ્ઠી આજે સંઘ સમક્ષ વાંચી સંભળાવી.

મેં૦ ભાવનગર સ્ટેટ કાઉન્સીલના પ્રમુખ સર પ્રભાશંકર પટ્ટણીની આવેલ ચીઠ્ઠીની નકલ.

**જા. નં. ૧૮૧ સેક્રેટરીએટ. ભાવનગર તા. ૨૪-૧૨-૧૯૨૯**

**જૈન સંઘના શ્રીયુત સેક્રેટરી.**

**રા. રા. પ્રિય ભાઈશ્રી,**

મુંબઇથી આવેલ એક તાર આ સાથે હું મોકલું છું. દરબારશ્રીને ધર્મની આવી બાબતમાં વચ્ચે પડવાની પ્રાયશઃ ઇચ્છા નથી, પણ મને લાગે છે કે ન્હાની ઉંમરના છોકરા-છોકરીઓને દીક્ષા આપવાની પ્રથા યોગ્ય નથી. એટલા માટે મને સલાહ આપવાનું મન થાય છે કે અહીંનો જૈન સંઘ આ બાબતમાં બરાબર વિચાર કરી આ પ્રથાનો અટકાવ કરે એ જેમ યોગ્ય છે તેમ ધર્મના ખરા રહસ્યને અનુકૂળ પણ છે. માટે હું આશા રાખું છું કે એવો કોઇ પ્રસંગ અહીં ઉભો થાય ત્યારે જૈન સંઘ, આવું કાંઇ ન બનવા પામે એવી સંભાળ રાખશે.

આ સાથેનો તાર મને પાછો મોકલશો એટલે એ મોકલનારાઓને હું લખી મોકલીશ કે અહીંના જૈન સંઘને ઉપર પ્રમાણેની સલાહ આપવામાં આવી છે.

P. D. Pttani,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઉપરથી શ્રી સંઘ ઠરાવ કરે છે કે—

" સગીરવયના છોકરા અથવા છોકરીઓને દીક્ષા આપવાનું અહીંનો શ્રી સંઘ અયોગ્ય માને છે. "

ઠરાવ મુકનાર **વહોરા જુઠાભાઈ સાકરચંદ.**
ટેકો આપનાર **શા દામોદર ગોવીંદજી.**

ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર થયેલ છે.

તા. ૨૧-૫-૩૧ **શેઠ ગીરધરલાલ આણંદજી**
પ્રમુખ શ્રી જૈન સંઘ—**ભાવનગર.**

# સ્વીકાર અને સમાલોચના.

## શ્રી સુરત ધરમચંદ ઉદયચંદ જૈન જીર્ણોદ્ધાર ફંડનો સં. ૧૯૮૩ થી સં. ૧૯૮૫ સુધીનો રીપોર્ટ તથા હીસાબ.

પ્રગટકર્તા ટ્રસ્ટીઓ અને શા. જીવણચંદ ધરમચંદ ઝવેરી મુંબઇ. આ ફંડની સ્થાપના સં. ૧૯૫૮ માં થઇ છે. સુરત અને સુરત જીલ્લાના તમામ દેરાસરોની સુવ્યવસ્થિત સ્થિતિ જળવાઇ રહે તે માટે દેરાસરનું સંરક્ષણ અને જીર્ણોદ્ધાર કરવા માટેનો છે. ઉદ્દેશાનુંસાર અત્યાર સુધીમાં બાવન હજાર રૂપીયા તે ખાતે વપરાયેલા છે જે ખુશી થવા જેવું છે. તેનું ભંડોળ જે જમે છે તે સારી સીકયુરીટીમાં ટ્રસ્ટીઓ વ્યાજે રાખે છે. દરવર્ષે હિસાબ ઓડીટ થાય છે. ટ્રસ્ટીઓ વહીવટ યોગ્ય રીતે કરે છે. હીસાબ ચોખવટવાળો છે દરેક જીલ્લાવાળા પોતે પોતાના મુખ્ય શહેર અને જીલ્લાના ( તાબાના ગામના ) દેરાસર માટે આવું ભંડોળ કરી આવી કાળજી રાખે તો હિંદુસ્તાનના દેવાલયો સુવ્યવસ્થિતીમાં રહે, સંરક્ષણ થાય અને સમગ્ર જૈન કોમને બોજો ઓછો થાય. આ ફંડનાં ટ્રસ્ટીઓના કાર્ય માટે અમો ધન્યવાદ આપીએ છીએ.

## શ્રી જૈન શ્વેતાંબર મદદ ફંડનો ( અમદાવાદનો ) સં. ૧૯૮૦ ની સાલનો રીપોર્ટ.

આ ફંડની સીતેર હજારની મુડી શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં અનામત મુકી સારી સીકયુરીટી દ્વારા વ્યાજ ઉત્પન્ન કરી સીજાતા શ્રાવક ભાઇઓને મદદ તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭ વિદ્યાર્થીને સહાય આપીને તેનો વ્યય કરવામાં આવેલ છે. આ ફંડનો તે રીતે સદ્‌ઉપયોગ તેના ટ્રસ્ટીઓ અને કાર્યવાહકો કરે છે. હીસાબ બરાબર અને ચોખવટવાળો છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

---

## શ્રી જૈન વિશ્રામ મંદિર.

### સં. ૧૯૮૧ ના શ્રાવણ શુદ ૫ થી સં. ૧૯૮૨ના આસો વદી ૮)) સુધીનો રીપોર્ટ.

મુંબઇ જેવા પ્રવૃત્તિવાળા અને જગ્યાના સંકોચવાળા શહેરમાં જૈન બંધુઓને વિશ્રામ માટે અતિ જરૂરીયાત હતી તે કેટલેક અંશે આ સંસ્થાના કાર્યવાહકોએ પારપાડી છે તેમ આ રીપોર્ટપરથી જણાય છે. ઉપરોકત સાલમાં સાતભાઇઓને સુવાની તથા ચોવીશ બંધુઓને ખાવાની પીવાની ( માગવા મુજબની ) સગવડ કરી આપવામાં આવેલ છે. ધંધા માટે પણ ત્રણ ભાઇઓને સહાય અપાયેલ છે. મુંબઇ જેવા શહેરમાં આવી સગવડો આપવા ઘણા મોટા પ્રમાણમાં દ્રવ્યની જરૂર પડે છે અને આ સંસ્થાના કાર્યવાહકોને તે સગવડ પ્રાપ્ત થાય તો તે વિશેષ કાર્ય કરી જૈન બંધુઓને રાહત આપી શકે તેવું છે. શ્રીમંત જૈન ગૃહસ્થોએ મધ્યમ વર્ગના આપણા બંધુઓ માટે વિશ્રામ ( રાહત ) મળવા કુટુંબનિર્વાહમાટે, તેમજ મુંબઇ આવતા તેવા બંધુઓ માટે જેને જે ખાવા, પીવા, સુવા, દેશમાં જવા માટે સગવડ કરી આપવા તેમજ બેકાર હોય તેને ધંધા લગાડવા વગેરે માટે ખાસ વિચાર કરવા અને તેને માટે એક સારૂં ફંડ કરી તેની વ્યવસ્થા કરવા આ સંસ્થાની કમીટીને સુપ્રત કરવા જરૂર છે. કાર્યવાહકો અને જનરલ સેક્રેટરીઓ હીરાલાલ મંછાચંદ શાહ સોલીસીટર અને લ્હેરૂચંદ ચુનીલાલ કોટવાળનો ઉત્સાહ સારો છે, કાર્યવાહી યોગ્ય અને હિસાબ ચોખવટવાળો છે.

---

## પન્યાસજી શ્રી સુંદરવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

પન્યાસજી મહારાજ શ્રી સુંદરવિજયજી મહારાજ કેટલાક દિવસની બિમારી ભોગવી વૈશાક વદિ ૧૩ ના રોજ અમદાવાદ લુણસાવાડામાં કાળધર્મ પામ્યા છે. મહારાજશ્રીની જન્મભૂમિ પંજાબ હતી. અને પ્રાતઃસ્મરણીય શ્રી ન્યાયાંભોનિધિ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના પ્રશિષ્ય અને શુમારે પચાશ વર્ષના દિક્ષીત હતા. તેઓશ્રી ચારિત્રપાત્ર અને અને નિખાલસ હૃદયના હતા. મુનિ સમુદાયમાં એક વૃદ્ધ ચારિત્રધારી પુરૂષની તેઓશ્રીના સ્વર્ગવાસથી ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આકોલા–ગુરૂ જયંતી મહોત્સવ.

જેઠ સુદી આઠમને દિવસે જગદ્વિખ્યાત યુગપ્રધાન સમાન શ્રી મદ્વિજયાનંદસૂરીશ્વર–આત્મારામજી મહારાજ સાહેબનો જયંતી મહોત્સવ એઓશ્રીના પટ્ટપ્રભાવક આ. મ. શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

સ્વર્ગવાસી આચાર્ય મહારાજશ્રીની સુંદર પ્રતિકૃતિ શણગારેલ સિંહાસન ઉપર બિરાજમાન કરવામાં આવી હતી.

શ્રી સંઘે વાસક્ષેપથી ગુરૂપૂજન કર્યા પછી. સાડા આઠ વાગ્યે જયંતીનું કામ ચાલુ થયું હતું.

શા. નવલચંદભાઇએ ગુરૂસ્તુતિ ગાઇ સંભળાવી હતી.

પ્રારંભમાં પૂ. પા. આ. મ. શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી સાહેબે પ્રાસંગિક વિવેચન કર્યું હતું.

બાદમાં મુનિ શ્રી સમુદ્રવિજયજી મહારાજે પ્રવચન કર્યું હતું. તેમાં જયંતી કરવાનો હેતુ, જયંતી કોની કરવી જોઇએ, અને જયંતી કોણ કરી શકે ઇત્યાદિ વિષયોનું સ્પષ્ટીકરણ કરી શ્રી આત્મારામજી મ૦નું સંક્ષિપ્ત પણ રસદાયક જીવનચરિત્ર સંભળાવી જણાવ્યું કે શ્રી આત્મારામજી મ. શ્રીએ અનેક અસહ્ય કષ્ટોને સહન કરી ધર્મના કેવાં કેવાં સરસ કાર્યો કર્યા છે.

અને તેમના જૈન સમાજના ઉદ્ધાર માટે કેવા સુંદર હિતકારક વિચારો હતા. તે તેઓશ્રીજીના રચેલા ગ્રંથો વાંચવાથી માલુમ પડે છે. તેઓશ્રીજીના વિદ્યાપ્રચારના વિચારોને અમલમાં મૂકવા માટે તેઓશ્રીજીના ખાસ પટ્ટધર શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજે અનેક કષ્ટો સહન કર્યાં છે તે સર્વે આપને સુવિદિતજ છે.

જો આપણે તેઓશ્રીના વિચારોને માન આપી અમલમાં મૂકીએ તોજ જયંતી ઉજવી સાર્થક ગણાય.

પછી યતિશ્રી મોતીવિજયજી કે જેઓ અત્રે ઉત્સવ સંબંધી ક્રિયા નિમિત્તે શ્રી સંઘના આમંત્રણથી આવ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે મહારાજશ્રી આત્મારામજી મહારાજ આજકાલની અપાતી ધાંધલીયા દીક્ષાને પસંદ ન્હોતા કરતા જેનું પ્રમાણ એવણની જીંદગીમાં એવો એક પણ બનાવ બનવા પામ્યો નથી.

કચ્છી વીરજીભાઇએ પ્રસંગાનુસાર વિવેચન કરતાં પંજાબના શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલની પોતાના પંજાબના પર્યટનમાં લીધેલી મુલાકાતનું વર્ણન કરી ગુરૂકુલની સાર્થકતા અને જરૂરીયાત જણાવી હતી.

અંતમાં આ. મ. શ્રીએ મધુર ધ્વનીથી પ્રવચન કરી જણાવ્યું કે શ્રી આત્મારામજી મ. ક્યાં જન્મ્યા. ક્યાં પલ્યા. અને કેવા સંજોગોમાં કેવી રીતે કયાં દીક્ષા લીધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી પોતાની આત્મામાં વિકાશ આવતાં સ્થાનકવાસી દીક્ષાનો પરિહાર કરી પવિત્ર ભાગવતી દીક્ષા કેવીરીતે સ્વીકાર કરી જૈન ધર્મને દીપાવ્યો. ઇત્યાદિ બાબતો પર સારી રીતે પ્રકાશ પાડી જણાવ્યું કે શ્રી આત્મારામજી મહારાજ ખરા સાચા સત્યાગ્રાહી હતા. ત્યારેજ પોતે ક્ષત્રીય કુલમાં ઉત્પન્ન થયા છતાં જૈન ધર્મના ઉદ્ધાર માટે અનેક ગ્રંથોની રચના કરી.

યુરોપ, અમેરીકાદિમાં શ્રીયુત વીરચંદ રાઘવજી ગાંધીને મોકલી જૈન ધર્મનો પ્રચાર કરાવી શક્યા હતા.

તેઓશ્રીએ ઘણા ભવ્ય જીવોને પવિત્ર ભાગવતી દીક્ષા આપી છે પરંતુ કેવી રીતે દીક્ષા આપી. તેનો સ્ફુટ જાણવા યોગ્ય ખુલાસો કર્યો હતો. વધારામાં એઓ સાહેબે જણાવ્યું કે હાલમાં વિચરતા સાધુ મહારાજાઓ પૈકી જે જે સાધુઓની દીક્ષા સદ્દગત આચાર્ય મહારાજજીના શુભ હસ્તે થઇ છે અને જે જે સાધુઓ સદ્દગત આચાર્ય મહારાજજીના પરિચયમાં આવેલા છે તે બધાઓ સારી પેઠે જાણે છે કે સદ્દગત આચાર્ય મહારાજ શ્રી મદ્વિજયાનંદસૂરિ (આત્મારામ)જી મ૦ આજકાલ ચર્ચાઇ રહેલી અયોગ્ય દીક્ષા આપતા ન્હોતા.

અંતમાં શ્રી વિજયાનંદસૂરિજીની જય બોલાવી. પ્રભાવના લઇ સાડાબાર વાગ્યે સભા વિસર્જન થઇ હતી.

બપોરે સદ્દગત આચાર્યશ્રીજી કૃત નવપદની પૂજા ભણાવવામાં આવી હતી.

## આકોલા વર્તમાન.

અત્રે આ. મ. શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વર પટ્ટ પ્રભાવક આ. મ. શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મ. સાહેબના શુભાગમનથી શ્રી સંઘમાં આનંદ અને ઉલ્લાસ ફેલાઇ રહ્યો છે.

અત્રે ગુજરાતી અને મારવાડી ભાઇયો વચ્ચે કેટલાક વર્ષોથી અનીચ્છનીય વૈમનસ્ય ચાલતું હતું તે આ શ્રીના અસરકારક સદુપદેશથી નાબુદ થઇ ગયું છે અને હંમેશને માટે કાયમી સુલેહશાંતિ થઇ છે.

આ. મ. શ્રીના પ્રતાપથી જેઠ સુદ પાંચમનો પ્રતિષ્ઠા મહોત્સવ બહુ ખુબ ધામધૂમથી નિર્વિઘ્નપણે શાંતિથી ઉજવાયો છે.

આ નિમિત્તે કુંભસ્થાપન, નવગ્રહાદિ પૂજન, રથયાત્રાનો વરઘોડો, શાંતિસ્નાત્ર, પૂજા પ્રભાવના અને મારવાડીભાઇ–ગુજરાતીભાઇ–કાઠીયાવાડીભાઇ તેમજ કચ્છીભાઇયોના તરફથી જુદી જુદી નવકારસીયો આદિ ધાર્મીક કાર્યો સારા થયા છે.

સંપ થવાથી આગેવાન સદ્દગૃહસ્થો ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લેતા હતા.

આ. શ્રીના વ્યાખ્યાનોમાં જૈન તેમજ જૈનેતર ભાઇયો ખુબ રસપૂર્વક ભાગ લઇ રહ્યા છે.

ખુશાલીની વાત તો એ છે કે એક જૈનેતર ભાઇયે ચાંદિનું સિંહાસન બનાવી શ્રી જૈન મંદિર ( શ્રી સંઘને ) ને ભેટ આપ્યું છે. ( મળેલું ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર; સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક હોઇ વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, મોક્ષસન્મુખ લઈ જાય છે. કિં. પોણા બે રૂપૈયા

## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે જણાવેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે. કિં. રૂા. ૧–૧૨–૦

## ફોટોગ્રાફર નથમલજી ચંડાળીયા કલકત્તાવાળાના ફોટાઓ.

| નામ. | સાઇઝ. | કીંમત. |
|---|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો. | ૧૫×૨૦ | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીર સ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ,, | ૦-૧૨-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ,, | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ,, | ૦–૮–૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ,, | ૦–૮–૦ |
| શ્રી ગૌતમ સ્વામી. | ,, | ૦–૮–૦ |
| શ્રી જીનદત્ત સૂરિજી ( દાદા સાહેબ ) | ,, | ૦–૬–૦ |
| છ લેશ્યા. | ,, | ૦–૬–૦ |
| મધુબિંદુ. | ,, | ૦–૬–૦ |
| શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૧૬×૧૨ | ૦–૪–૦ |
| **ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.** | | |
| શ્રી મહાવીર સ્વામી. | ૧૫×૨૦ | ૦–૮–૦ |
| શ્રી ગૌતમ સ્વામી મહારાજ. | ,, | ૦–૮–૦ |
| સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી–સોનેરી બાઇન્ડીંગ સાથે. | | ૨–૮–૦ |

મળવાનું સ્થળ, **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## જૈન વિદ્યાર્થીઓને મોટી સગવડ.

પુના સરીખાં વિદ્યાના કેંદ્ર સ્થળે ઉંચી કેળવણી લેવા ઇચ્છતા જૈન વિદ્યાર્થીઓ માટે " ભારત જૈન વિદ્યાલય " નામની સંસ્થા ચાલુ છે. નવી ટર્મ જુન માસથી શરૂ થશે. તક લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ શેઠ કાન્તીલાલ ગગલભાઇ રવીવાર પેઠ–પુના સીટી, એ સીરનામે પત્રવ્યવહાર કરવો.

મણીલાલ માણેકચંદ સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૨૮ મું. વીર સં. ૨૪૫૭. જ્યેષ્ઠ. આત્મ સં. ૩૬. અંક ૧૧ મો.

## સ્વદેશી અને બહિષ્કાર.

" અંગ્રેજોએ આપણો વણાટનો ધંધો માર્યો એમાં આશ્ચર્ય નથી. પણ આપણે ત્રીસ કરોડની પ્રજાએ તે મરવા દીધો એ ભારે આશ્ચર્યની વાત છે. પ્રજા જાગૃત હોત તો કોઇ પણ સરકારની તાકાત ન હતી કે આપણી પાસેથી પરદેશી કાપડ પરાણે ખરીદાવે. આપણામાં જો દયાભાવ હોત બંધુપ્રીત હોત, દેશભક્તિ હોત તો આપણે આપણા વણકર ભાઇઓનું સત્યાનાશ થતું ઠંડે પેટે ન જોયું હોત. એ જે આપણે રાષ્ટ્રીય પાપ કર્યું તે ધોઈ કાઢવાનો આપણો પ્રયત્ન તે જ ખાદી વ્રત અને પરદેશી કાપડનો બહિષ્કાર. આપણા વણકર ભાઇઓ અને કાંતનાર ખેડુતો અંગ્રેજોને હાથે મરે તો આપણને ભારે ચીડ ચડે અને જાપાની, અમેરીકન કે ઇટાલીયન લોકોને હાથે મરે તો આપણને સંતોષ રહે એવી સ્થિતિ તો ન જ હોવી જોઇએ ! વસ્ત્રનિર્માણ કરવાનો આપણો ધંધો પ્રાચીનમાં પ્રાચીન છે, ઉંચામાં ઉંચી કોટિએ પહોંચેલો છે. એ ધંધા મારફતે જ આપણે કરોડોને કાંઇક રોજી આપી શકીશું. એ ધંધો મરવા દેવાથી આપણે કરોડો રૂપિયા નાહક પરદેશ મોકલીએ છીએ."

શ્રી કાકા કાલેલકર.

For Private And Personal Use Only